RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

મુખ્ય સમાચાર

સાંધ્ય દૈનિક

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

Year : 14, Issue : 300, Dt.08-02-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

મોદી સરકારના 'શ્વેતપત્ર' સામે કોંગ્રેસનું 'બ્લેક પેપર'

કોંગ્રેસના નેતૃત્વવાળી યુપીએ સરકારના ૧૦ વર્ષના કુશાસન અંગે મોદી સરકાર સંસદ સમક્ષ રજૂ કરશે શ્વેતપત્રઃ બીજી તરફ કોંગ્રેસ પણ શ્વેતપત્રનો આકરો જવાબ આપવા બહાર પાડશે બ્લેક પેપરઃ મોદી સરકારની નિષ્ફળતાઓ ખુલ્લી પાડશે

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

કેન્દ્રની મોદી સરકાર કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારના ૧૦ વર્ષના આર્થિક ગેરવહીવટ પર સંસદમાં શ્વેતપત્ર બહાર પાડશે. આ શ્વેતપત્ર શુક્રવારે અથવા શનિવારે ગૃહમાં રજૂ કરી શકાય છે. એટલા માટે બજેટ સત્ર એક દિવસ લંબાવવામાં આવ્યું છે. આ શ્વેતપત્રમાં આર્થિક ગેરવહીવટ સિવાય યુપી સરકાર દ્વારા લેવામાં આવેલા કે નહીં લેવાયેલા પગલાંની અસર પર પણ ચર્ચા કરવામાં આવશે. આ સાથે ભારતની નબળી આર્થિક સ્થિતિ અને અર્થવ્યવસ્થા પર તેની નકારાત્મક અસર પણ આ પેપરમાં વિગતવાર જણાવવામાં આવશે. તે જ સમયે, આ શ્વેતપત્રમાં, મોદી સરકાર તેની અને યુપી સરકારના કાર્યકાળ દરમિયાન દેશની આર્થિક સ્થિતિનો તુલનાત્મક અભ્યાસ પણ રજૂ કરી શકે છે. તમને જણાવી દઈએ કે નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના વચગાળાના બજેટ ભાષણ દરમિયાન કહ્યું હતું કે સરકાર શ્વેતપત્ર રજૂ કરશે. જેમાં યુપીએના ૧૦ વર્ષ અને એનડીએના ૧૦ વર્ષ આવરી લેવામાં આવશે.

''બીજી તરફ યુપી સરકારના ૧૦ વર્ષના કાર્યકાળ સામે કેન્દ્ર સરકાર દ્વારા લાવવામાં આવેલા 'વ્હાઇટ પેપર'ના જવાબમાં કોંગ્રેસે મોદી સરકારના ૧૦ વર્ષના કાર્યકાળ પર 'વ્હાઇટ પેપર'ની તૈયારી શરૂ કરી દીધી છે. .સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ મોદી સરકારના શ્વેતપત્રના જવાબમાં 'બ્લેક પેપર' તૈયાર કરવાનું શરૂ કરી દીધું છે. આ બ્લેક પેપરમાં NDA સરકારના ૧૦ વર્ષનો સંપૂર્ણ હિસાબ જોઈ શકાય છે. કેન્દ્ર સરકાર 'વ્હાઇટ પેપર' દ્વારા યુપીએ સરકારના ૧૦ વર્ષના આર્થિક ગેરવહીવટને લોકોના ધ્યાન પર લાવવાનો પ્રયાસ કરશે, જ્યારે કોંગ્રેસ આ માધ્યમથી મોદી સરકારના ૧૦ વર્ષના આર્થિક ગેરવહીવટને પ્રકાશમાં લાવવાનો પ્રયાસ કરશે. 'બ્લેક પેપર'. તે ભ્રષ્ટાચાર અને આર્થિક ગેરવહીવટ પર પ્રકાશ પાડવાની તૈયારી કરી રહ્યું છે.

પાકિસ્તાનમાં આતંકી હુમલાના ભય વચ્ચે મતદાન શરૂઃ મોબાઈલ સેવા બંધઃ બોર્ડરને સીલ કરી દેવાઈ

મુખ્ય સમાચાર, ઈસ્લામાબાદ (પાકિસ્તાન)

પાકિસ્તાનમાં આજે સામાન્ય ચુંટણીને લઈને આજે સવારે ૮ વાગ્યાથી જ મતદાન શરૂ થઈ ગયું છે. ચુંટણીને લઈને પાકિસ્તાનમાં મતદાન અને હિંસાને ધ્યાનમાં રાખીને ૬.૫૦ લાખ સુરક્ષાકર્મીઓ તૈનાત કરાયા છે તો મતદાન વચ્ચે પાકિસ્તાનમાં મોબાઈલ સેવાઓ બંધ કરી દેવામાં આવી છે અને બોર્ડર સીલ કરી દેવામાં આવી છે.

પાકિસ્તાનમાં ચુંટણી પ્રક્રિયા પર ૧૦૦ વિદેશી નિરીક્ષકો નજર રાખી રહ્યા છે. ૯૦૬૦૦થી વધુ પોલીંગ સ્ટેશનો પર મતદાન શરૂ થઈ ગયું છે. પાકિસ્તાનની સામાન્ય ચુંટણીમાં પુર્વ સીએમ નવાઝ શરીફની પાર્ટી અને પુર્વ પીએમ ઈમરાનખાનની પાર્ટી વચ્ચે મુખ્ય ટકકર છે.

જેમાં શરીફની પાકિસ્તાન મુસ્લિમ લીગ- નવાજ (પીએમએલ-એમ) સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરવાની આશા છે. ઈમરાનખાન હાલ જેલમાં હોવાથી ચુંટણી ચિહન પર વિવાદ વચ્ચે શરીફ પુરી રીતે ફાયદામાં છે. પીપીપીના બિલાવલ ભુટ્ટોની પંજાબમાં વધુ દખલ નથી, જો શરીફ જીતે તો તે ચોથી વખત પીએમ બનશે. સુરક્ષાની જવાબદારી ૬.૫૦ લાખ જવાનો પરઃ બલુચીસ્તાનના પંજગુરના પોલીસ અધિકારી અબ્દુલા જહરીએ કહ્યું હતું કે આતંકીઓ ઉમેદવારોને એટલા માટે નિશાન બનાવી રહ્યા છે જેથી લોકો મતદાન કરવા ન પહોંચે. જેને લઈને દેશમાં સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવાઈ છે. હિંસક ઘટનાઓને લઈને મતદાન ઓછું થવાની શંકાઃ પાકિસ્તાનમાં તમામ સશસ્ત્ર સમૂહ સક્રિય છે, જે ખાસ કરીને ખૈબર પખ્તુનખ્વાહ અને બલુચિસ્તાન જેવા પ્રદેશોમાં હિંસક ઘટનાઓના ડરથી મતદાન ઓછું થવાની આશંકા છે.

ચુંટણીની જાણકારી માટે પોર્ટલ લોન્ચઃ વચગાળાની સરકારના માહિતી મંત્રીએ જણાવ્યું હતું કે ચૂંટણીની જાણકારી માટે એક પોર્ટલ લોન્ચ કરવામાં આવ્યું છે.

જેથી દરેક જગ્યાએથી ચુંટણીની જાણકારી મળી રહેશે. ૧૨ કરોડથી વધુ મતદાતા ઉમેદવારોનું ભાવિ નકકી કરશેઃ પાકિસ્તાનના બધા મતદાન કેન્દ્રમાં મતદાન શરૂ થઈ ગયું છે. રિપોર્ટ મુજબ ૧૨ કરોડથી વધુ મતદારો ઉમેદવારોનું ભાવિ નકકી કરશે.

સતત છઠ્ઠી વખત વ્યાજદર ૬.૫ યથાવત રાખતી આરબીઆઈ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

દેશમાં મોંઘવારી નથી તેવા મોદી સરકારના દાવા વચ્ચે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ વાસ્તવિકતા પારખી ઉંચા ફુગાવાના દરથી સતત છઠ્ઠી વખત વ્યાજદર ૬.૫% એ યથાવત રાખ્યા છે. ત્રણ દિવસની મોનેટરી-પોલીસીની બેઠક બાદ આજે રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના ગવર્નર શક્તિકાંતા દાસે પત્રકાર પરિષદમાં જાહેર કર્યુ કે આગામી સમયમાં ફુગાવો નીચો ૫%ના દરે રહી શકે છે પણ અમો થોભો અને રાહ જોવોની નીતિને ચાલુ રાખી વ્યાજદરમાં હાલ કોઈ ફેરફાર નહી કરવાનો નિર્ણય લીધો છે.

રીઝર્વ બેન્કે મે ૨૦૨૨ થી ફેબ્રુ. ૨૦૨૩ વચ્ચે વ્યાજદર ૨૫૦ બેઝીક પોઈન્ટ વધાર્યા હતા અને હાલ દેશમાં એક દશકાનો સૌથી ઉંચો વ્યાજદર પ્રવર્તી રહ્યો છે. રીઝર્વ બેન્કે ભવિષ્યના ગાળામાં ફુગાવો ૫% કે તેનાથી ઘટીને ૪.૫% સુધી જઈ શકે છે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

આરબીઆઈ ૪%ના ફુગાવા દરને યોગ્ય માને છે તેથી હાલ પણ તેની મર્યાદાથી ઉંચા દર છે. એક તરફ બેન્કીંગ સીસ્ટમ લીકવીડીટીની તંગી છે ઉંચા વ્યાજદરના કારણે બેન્કોને ભંડોળ મેળવવામાં વધુ ઉંચા દર ચુકવવા પડે છે જેનાથી તેના માર્જીન પર અસર છે તે વચ્ચે આરબીઆઈનો આ નિર્ણય મુશ્કેલી વધારશે. આરબીઆઈએ ૨૦૨૫ના નાણાકીય વર્ષ માટે જીડીપી ૭.૩% રહેવાની આશા વ્યક્ત કરી છે.

અમદાવાદ-ગાંધીનગરમાં આવકવેરા વિભાગ ત્રાટકયુંઃ પીએસવાય તથા વિનાયક એસ્ટેટ ગ્રુપ ઝપટે

મુખ્ય સમાચાર, રાજકોટ

નાણાકીય વર્ષની સમાપ્તિ પૂર્વે કર વસુલાતનો ટાર્ગેટ સિધ્ધ કરવા માટે દરોડા ઓપરેશનનો દોર ચાલુ રહ્યો હોય તેમ આજે અમદાવાદ-ગાંધીનગરમાં છે. જાણીતા બિલ્ડર ગ્રુપને નિશાન બનાવવામાં આવ્યા છે. કરોડો રૂપિયાની કરચોરીની પર્દાફાશ થવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે.

આવકવેરા વિભાગના આધારભુત સુત્રોએ જણાવ્યું છે કે અમદાવાદ-ગાંધીનગરમાં આજે સવારથી પીએસવાય તથા વિનાયક રીયલ એસ્ટેટ ગ્રુપને નિશાન બનાવવામાં આવ્યા છે. ગાંધીનગરમાં સેકટર ૮ તથા સેકટર ૨૧ના તેઅના સ્થળે પર વ્હેલી સવારથી અધિકારીઓની ટીમે ત્રાટકીને દરોડા કાર્યવાહી હાથ ધરી હતી.

રીયલ એસ્ટેટ ગ્રુપના સંચાલકો, ભાગીદાર એવા બંકીમ જોશી, નિલય દેસાઇ, વિક્રાંત પુરોહિત વગેરેના નિવાસસ્થાન, ઓફિસ તથા બાંધકામ સાઇટોને પણ નિશાન બનાવવામાં આવી હતી અને એકસાથે ૩૦ જેટલા સ્થળોએ તપાસનો દોર હાથ ધરવામાં આવ્યો હતો.

રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં જાણીતુ નામ ધરાવતા આ બંને બિલ્ડર ગ્રુપના વિવિધ સ્થળોએથી પ્રાથમિક તપાસમાં જ કરોડો રૂપિયાના શંકાસ્પદ વ્યવહારો દર્શાવતા દસ્તાવેજો મળી આવ્યા હતા ઉપરાંત કોમ્પ્યુટર હાર્ડડીસ્ક, મોબાઇલ, બેંક ખાતા વગેરેની પણ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. રોકડ તથા સોનાના દાગીના મળી આવતા તેની ચકાસણી, ગણતરી હાથ ધરવામાં આવી હતી.''

સુત્રોના કહેવા પ્રમાણે બિલ્ડર ગ્રુપને ત્યાંથી મોટા પ્રમાણમાં કરચોરીનો પર્દાફાશ થવાની આશંકા છે. ૧૦૦થી વધુ અધિકારીઓનો કાફલો તપાસમાં જોડાયો હતો. અમદાવાદ ઉપરાંત રાજકોટ-સુરતના અધિકારીઓને સામેલ કરવામાં આવ્યા હતા. મહત્વની બાબત એ છે કે રાજકોટથી સીનીયર અધિકારીઓને બાદ કરતા ઇન્વેસ્ટીગેશન વિભાગના આખા સ્ટાફને તેડાવવામાં આવ્યો હતો.

ગુજરાતમાં આવકવેરા વિભાગનું એક જ સમાહમાં આ બીજુ ઓપરેશન છે. આ પૂર્વે બજેટના દિવસ જ કચ્છમાં દરોડા પાડવામાં આવ્યા હતા.સુત્રોએ કહ્યું છે સામાન્ય રીતે ચૂંટણી ટાણે દરોડા કાર્યવાહીને બ્રેક મારવામાં આવતી હોય છે. પરંતુ ચૂંટણી જાહેર થવાને હજુ વાર છે અને નાણા વર્ષ સમાપ્તિને આરે છે તે પૂર્વે કરવસુલાતનો ટાર્ગેટ હાંસલ કરવા ઓપરેશન હાથ ધરાયું છે.

જૂનાગઢ LCBએ ખતરો હોવાની કરેલી અરજી બાદ મૌલાનાને રાજકોટ જેલમાં બંદોબસ્ત સાથે ખસેડાયો

કચ્છ પોલીસે મૌલાનાનો રાજકોટ જેલમાંથી કબ્જો મેળવ્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

જૂનાગઢમાં ભડકાઉ ભાષણ આપનાર મૌલાના સલમાન અઝહરીને જૂનાગઢને બદલે રાજકોટ જેલમાં શા માટે ધકેલાયો તે અંગે અનેકવિધ ચર્ચાઓ શરૂ થઇ હતી ત્યારે જૂનાગઢની જેલમાં મૌલાનાને રખાશે તો સુરક્ષાના સવાલો ઊભા થાય તેમ હોય તેવી જૂનાગઢ એલસીબીએ કરેલી અરજીના અનુસંધાને કોર્ટના આદેશ બાદ મૌલાનાને રાજકોટ જેલમાં લઇ જવાયો હતો.

(તસ્વીરઃ આનંદ જાવિયા)

કોઇપણ વ્યક્તિ કોઇ સ્થળે ગુનાહીત પ્રવૃત્તિ આચરે અને પોલીસ તેને કોર્ટમાં રજૂ કરે ત્યારે જો જામીન પર છૂટકારો થાય તો તેને તાત્કાલિક મુક્ત કરી દેવાનો હોય જેલમાં મોકલવાનો ન હોય. મૌલાના સલમાન અઝહરીનો કેસ અતિ સંવેદનશીલ હોવાથી પોલીસ ફૂંકી-ફૂંકીને છાશ પી રહી હતી. બીજી બાજુ મૌલાનાના રિમાન્ડ પૂરા થતા કોર્ટે બુધવારે સાંજે તેના જામીન મંજૂર કર્યા હતા. કોર્ટે એમ પણ કહ્યું હતું કે, સાંજના મોડું થઇ ગયું છે એટલે મૌલાનાના જામીન સવારે ભરવામાં આવે આથી તેને જેલહવાલે કરવો.

આ સમયે ત્યાં ઉપસ્થિત જૂનાગઢ એલસીબીના અધિકારીઓએ કોર્ટને અરજી આપી હતી કે, મૌલાનાને જૂનાગઢની જેલમાં રાખવામાં આવશે તો સુરક્ષાના સવાલ ઉપસ્થિત થઇ શકે તેમ છે અને જૂનાગઢની જેલ પણ સંવેદનશીલ વિસ્તારમાં આવેલી છે. આથી મૌલાનાને જૂનાગઢના બદલે રાજકોટની જેલમાં મોકલવાનો હુકમ કરવામાં આવે તેવી વિનંતી છે. આથી કોર્ટે મૌલાનાને રાજકોટ જેલમાં મોકલવા હુકમ કર્યો હતો અને બંદોબસ્ત સાથે રાજકોટ કેસમાં મોકલ્યો હતો.

તમામ ખાદ્ય ઉત્પાદનોને માત્ર FSSAI તરફથી સર્ટિફિકેટ મળશે, કેન્દ્ર સરકારે નવા સુધારાને મંજૂરી આપી

સરકારે તમામ ખાદ્ય પદાર્થો માટે અપાતા સર્ટિફિકેટના નિયમોમાં નવા સુધારા કરવાની મંજૂરી આપીઃ તમામ પ્રકારના દૂધના ઉત્પાદનોમાં ફેટી એસિડની માત્રા માટેના ધોરણો પણ ફરીથી નિર્ધારીત કરાયા

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

ભારતમાં ખાદ્ય ઉત્પાદનોના ધોરણોમાં સુધારો કરવા માટે કેન્દ્ર સરકારે નિયમોમાં ફેરફાર કરવા પર મહોર મારી દીધી છે. કેન્દ્ર સરકારે ભારતીય બજારમાં વેચાતા તમામ પ્રકારના ખાદ્ય પદાર્થો કઠોળ, અનાજ, મીટથી બનતું હલીમની ગુણવત્તા સહિતના મામલે અપાતા સર્ટિફિકેટના નિયમોમાં નવા સુધારા કરવાની મંજૂરી આપી છે. તમામ પ્રકારના ખાદ્ય ઉત્પાદકનોએ માત્ર એક જ સંસ્થા FSSAI (ફૂડ સેફ્ટી સ્ટાન્ડર્ડ ઓફ ઈન્ડિયા) પાસેથી સર્ટિફિકેટ લેવાનું રહેશે. હાલ કેટલાક ખાદ્ય ઉત્પાદકોમાં બીઆઈએસ, AGMARK સહિતના સર્ટિફિકેટ આપવામાં આવે છે. જોકે નવા નિયમનો અમલ થયા બાદ કઠોળ, અનાજ સહિત નોન-વેજ ખાદ્ય પ્રોડક્ટ માટે એફએસએસએઆઈ સર્ટિફિકેટ લેવાનું રહેશે.

આ અગાઉ કેટલાક ખાદ્ય ઉત્પાદનોએ બીઆઈએસ એટલે કે બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્સ્સથી સર્ટિફિકેટ મેળવવું પડતું હતું. ખેતી સંબંધિત પ્રોડક્ટ માટે "AGMARK' સર્ટિફિકેટ લેવું પડતું હતું. હવે આ તમામ સર્ટિફિકેટ બંધ કરી દેવાશે.

બકરીના દૂધ અથવા ઘેટાંના દૂધથી લઈને તમામ પ્રકારના દૂધના ઉત્પાદનોમાં ફેટી એસિડની માત્રા માટેના ધોરણો પણ ફરીથી નિર્ધારીત કરાયા છે. તેમજ ઘીમાં જોવા મળતા ફેટી એસિડની માત્રા માટેના ધોરણોની જેમ દૂધમાં હાજર ફેટી એસિડના ધોરણો પણ નક્કી કરાઈ રહ્યા છે. મધથી બનતી વાઈન 'ખઊઅઉ'ના ધોરણો અને રેડી ટૂ ડ્રિંક આલ્કોહોલિક બેવરેજના ધોરણો પણ ફરી નક્કી કરવામાં આવશે.

કેન્દ્રીય આરોગ્ય સચિવ અપૂર્વ ચંદ્રાએ ખેડૂતોથી લઈને જુદી જુદી એજન્સીઓ સાથે બેઠક યોજ્યા બાદ આ નિર્ણય લીધો છે. દૂધ ઉત્પાદનોના ધોરણોમાં ફેરફાર કરવામાં આવી રહ્યો છે. જ્યારે હલીમના ધોરણો પણ નિર્ધારીત કરવામાં આવી રહ્યા છે. સરકારનું માનવું છે કે, હલીમ માટે અત્યાર સુધીમાં કોઈપણ ધોરણો નક્કી કરાયા નથી. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે, સુધારાઓને અંતિમ રૂપ અપાયા બાદ ફૂડ બિઝનેસ માટે માત્ર FSSAI સર્ટિફિકેટ જ ફરજિયાત કરાશે.

સરકાર સમક્ષ આઠમાં પગાર પંચની કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી : નાણા રાજ્યમંત્રી પંકજ ચૌધરી

ચૂંટણી પહેલા કેન્દ્રીય કર્મીઓને સરકારનો ઝટકો, આઠમા પગાર પંચ અંગે રાજ્યસભામાં આપ્યો જવાબ

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

આઠમાં પગાર પંચની રાહ જોઈ રહેલા કેન્દ્રીય કર્મચારીઓને સરકારે ઝટકો આપ્યો છે. આ અંગે રાજ્યસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન પૂછાયેલ સવાલના જવાબમાં નાણાં રાજ્યમંત્રી પંકજ ચૌધરીએ કહ્યું કે, સરકાર સમક્ષ આવો કોઈપણ પ્રસ્તાવ વિચારણા હેઠળ નથી.

રાજ્યસભાના સભ્ય રામનાથ ઠાકુરે નાણા રાજ્યમંત્રીને પ્રશ્ન કર્યો કે, 'સાતમા પગાર પંચના પેરા ૧.૨૨ અંગે વિચાર ન કરવો અને તેને મંજૂરી ન આપવાનું ફાઈલમાં શું કારણ દર્શાવાયું છે?' જેના જવાબમાં પંકજ ચૌધરીએ કહ્યું કે, 'કેન્દ્રીય કેબિનેટે સાતમા પગાર પંચના આધારે પગાર અને ભથ્થાંના સુધારાને મંજૂરી આપતી વખતે આ બાબત પર વિચાર કર્યો નથી.'

કેન્દ્રીય કર્મચારીઓના પગારમાં વધારો થવાનો રસ્તો સાફ થાય તે માટે સાતમા પગાર પંચના અહેવાલના પેરા ૧.૨૨માં પાંચ વર્ષ બાદ ફિટમેન્ટ ફેક્ટરની સમીક્ષા કરવાની ભલામણ કરવામાં આવી છે. જોકે સરકાર કરી રહી નથી.

શું આઠમા પગાર પંચની રચના એટલા માટે નથી થઈ રહી કે, સરકાર પગાર પંચનો બોજ ઉઠાવી શકે તેવી સ્થિતિમાં નથી? વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા હોવાનો દાવો કરતી સરકાર છેલ્લા ૩૦ વર્ષથી મોંઘવારીનો સામનો કરી રહેલા કેન્દ્રીય કર્મચારીઓના પગારની સમીક્ષા કરવા માટે આઠમા પગાર પંચની રચના કેમ નથી કરતી? તેવા પ્રશ્નના જવાબમાં નાણા રાજ્યમંત્રીએ કહ્યું કે, 'સરકાર સમક્ષ આવી કોઈ દરખાસ્ત વિચારણા હેઠળ નથી.'

ઉલ્લેખનિય છે કે, મોંઘવારીને ધ્યાને રાખી કેન્દ્રીય કર્મચારીઓ સરકાર સમક્ષ આઠમા પગાર પંચ રચવાની માંગ કરી રહ્યા છે. કેન્દ્રીય કર્મચારીઓના પગાર અને પેન્શનધારકના પેન્શનમાં વધારો કરવા માટે સરકાર દર ૧૦ વર્ષ બાદ નવા પગાર પંચની રચના કરે છે. પગાર પંચને અહેવાલ અને ભલામણ જમા કરવા માટે ૧૮ મહિનાનો સમય અપાય છે. ૨૦૧૪માં સાતમા પગાર પંચની રચના કરાઈ હતી અને તેની ભલામણોને એક જાન્યુઆરી ૨૦૧૬થી લાગુ કરાઈ હતી.

મોરબીમાં પાડોશીઓ વચ્ચે નજીવા ઝઘડામાં મહિલાને ઈરાદાપૂર્વક ટ્રક હડફેટે લઈ મોત નિપજાવનાર ટ્રક ચાલક પોલીસ ગિરફ્તમાં

મોરબીના પંચાસર રોડ ઉપર ઘંટીએ દરણું દળવવા જતા મહિલાનું ટ્રક હડફેટે મૃત્યુ નીપજવાના કિસ્સામાં અકસ્માત નહીં પણ હત્યાનો ગુન્હો હોવાનું સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ તપાસમાં થયો ઘટસ્ફોટ, સમગ્ર બનાવ મામલે આરોપીની અટક કરી આરોપી વિરુદ્ધ હત્યાની કલમનો ઉમેરો કરાયો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીના પંચાસર રોડ ઉપર ગત તા.૩૧ના રોજ પંખુબેન રમણિકભાઈ ડાભી ઉ.૫૫ નામના મહિલાનું ટ્રક હડફેટે મૃત્યુ નિપજતા અકસ્માતે મૃત્યુ અંગે ગુન્હો નોંધાયો હતો. ત્યારે આ અકસ્માતના બનાવમાં પોલીસને બનાવ શંકાસ્પદ લાગતા જીણવટભરી તપાસ હાથ ધરતા તથા બનાવના સ્થળની આજુબાજુના સીસીટીવી ફૂટેજ ચેક કરતા મૃતક પંખુબેનના પડોશમાં રહેતા આરોપી અમૃતલાલ કેશવજી ચૌહાણ ઉ.૬૩ને બે મહિના અગાઉ પાડોશીઓ વચ્ચે સામાન્ય બાબતે માથાકૂટ ચાલતી થઈ હોય ત્યારે દીવાલ બનાવવા બાબતે પાડોશી પરિવાર તથા મૃતક સાથે ઝઘડો થતા જે બનાવનો ખાર રાખી ઈરાદાપૂર્વક મહિલાને ટ્રક હડફેટે લઇ હત્યા કરવામાં આવી હોવાનું પોલીસ તપાસમાં બહાર આવતા હાલ હત્યારા ટ્રક ચાલકની અટક કરી હત્યાની કલમનો ઉમેરો કરી સીટી એ ડિવિઝન પોલીસે આગળની વધુ તપાસ ચલાવી છે.

મોરબી સીરામીક મેન્યુ.એસો. દ્વારા ઈન્કમટેક્સની કલમ ૪૩ બી(એચ)અંગે સાંસદને સાથે રાખી દિલ્હી ખાતે રજૂઆત કરી

કેન્દ્રીય આયકર અધ્યક્ષ અને એમએસએમઈના મંત્રી તેમજ કેન્દ્રીય નાણામંત્રીને રૂબરૂ મળી કરાઈ રજૂઆત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી સીરામીક મેન્યુફેક્ચર એસોસીએશન દ્વારા ઈન્કમટેક્સમાં કલમ ૪૩ બી (એચ) સીરામીક ઉદ્યોગ માટે મોટી સમસ્યા સમાન હોય જેથી આ અંગે સાંસદ મોહનભાઇ કુંડારીયાને સાથે રાખી દિલ્હી ખાતે જઈ કેન્દ્રીય આયકર વિભાગ મંત્રી તથા કેન્દ્રીય નાણામંત્રીને રૂબરૂ મુલાકાત લઇ રજૂઆત કરતા તેમના દ્વારા હકારાત્મક અભિગમ દર્શાવી આ બાબતે યોગ્ય કરવા હૈયાધારણા આપી હતી.

૧-૦૪-૨૪ થી ઈન્કમટેક્ષમાં કલમ ૪૩ બી(એચ) કાયદાની જોગવાઈ મુજબ સ્મોલ અને માઈક્રો એન્ટરપ્રાઈઝ પાસેથી ખરીદ માલનુ પેમેન્ટ ૧૫ થી ૪૫ દિવસમા કરવુ ફરજિયાત છે, જેમા સીરામીક ઉદ્યોગનુ રો મટીરીયલ મોટાભાગે સ્મોલ અને માઈક્રો એન્ટરપ્રાઈઝ પાસેથી ખરીદ થતુ હોય અને સીરામીક ઉદ્યોગ મોટાભાગે મીડીયમ એન્ટરપ્રાઈઝમા હોય જયારે સીરામીક માલનુ વેચાણ ૧૦૦ થી ૧૨૦ દિવસની ઉધારીમાં થતુ હોય છે ખરીદ કરેલ માલનુ પેમેન્ટ ૪૫ દિવસમા કરવુ મુશ્કેલ હોય ત્યારે સીરામીક ઉદ્યોગ મોટી સમસ્યામા મુકાયેલ છે.

જે બાબતે મોરબી સીરામીક મેન્યુ. એસોસીએસનના પ્રમુખશ્રી મુકેશભાઈ કુંડારીયા, હરેશભાઈ બોપલીયા, કિરીટભાઈ પટેલ, પુવઁ પ્રમુખ મુકેશભાઈ ઉધરેજા તેમજ કમીટી મેમ્બર શામજીભાઈ મેથાણીયા ઉપરોક્ત રજુઆતમા સાથે રહ્યા હતા.

એસોસીએસન દારા સાસંદ મોહનભાઈ કુંડારીયા સાથે ગત તા.૬-૨-૨૪ ના રોજ દિલ્હી ખાતે કેન્દ્રીય આયકર વિભાગના ચેરમેન તેમજ ખજખઊ ના મંત્રી નારાયણ રાણેને રજુઆત કરવામાં આવી હતી તેમજ સાંસદ મોહનભાઈ કુંડારીયા દ્વારા કેન્દ્રીય નાણામંત્રી નિરમલા સીતારામન સાથે મુલાકાતનો સમય લઈને કેન્દ્રીય નાણામંત્રીને રૂબરુ મળીને સાસંદ મોહનભાઈ કુંડારીયા દ્વારા આ બાબતે રજુઆત કરેલ, જેમા નાણામંત્રી દ્વારા હકારાત્મક અભિગમ દાખવી આ બાબતે યોગ્ય કરવા જણાવેલ હતું.

માળીયા(મી)ના ખાખરેચી ગામે વર્લીના આંકડાનો જુગાર રમતા એકની અટકઃ હળવદના અન્ય શખ્સનું નામ ખુલ્યું

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે માળીયા(મી)ના ખાખરેચી ગામે પૂર્વ બાતમીને આધારે દરોડો પાડી વર્લી ફિચર્સના આંકડાનો જાહેરમાં જુગાર રમતા એક શખ્સની રોકડા રૂ.૬,૭૫૦/-સાથે અટક કરી હતી જયારે અન્ય એક હળવદના શખ્સનું નામ ખુલતા બંને વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી હતી.

મળતી માહિતી અનુસાર મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્ક્વોડની ટીમે માળીયા(મી)ના ખાખરેચી ગામે વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમી રમાડતો હોવાની ચોક્કસ માહિતીને આધારે માળીયા(મી)ના ખાખરેચી ગામે દરોડો પાડતા ખાખરેચી ગામની લુહાર શેરીમાં જાહેરમાં નોટબુકમાં વર્લી ફિચર્સના આંકડાઓ લખી પૈસાની હારજીતનો જુગાર રમી રહેલ ભરતભાઈ જગજીવનભાઇ કૈલા રહે.ખાખરેચી ગામ લુહાર શેરીને રોકડા રૂ.૬,૭૫૦/-સાથે રંગેહાથ ઝડપી લેવામાં આવ્યો હતો. જયારે આરોપીની સઘન પૂછપરછમાં વર્લી ફિચર્સના આંકડાનો જુગાર હળવદ રહેતા પ્રવીણભાઈ ઉર્ફે પલો કોળી સાથે રમતો હોવાની કબૂલાત આપતા બંને વિરુદ્ધ જુગારધારા હેઠળ માળીયા(મી) પોલીસ મથકમાં ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

જામનગર ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજ દ્વારા પેઢાના રોગો વિષે જન જાગૃતિ અભિયાન યોજાશે

મુખ્ય સમાચાર, જામનગર

જામનગરમાં સ્થિત ગર્વમેન્ટ ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, પેઢાના વિભાગ દ્વારા આગામી તા.૨૩ ફેબ્રુઆરીએ પેરિઓડોટિસ્ટ ડે અને આગામી તા.૨૦ માર્ચના વર્લ્ડ ઓરલ હેલ્થ ડે ની ઉજવણી કરવામાં આવશે.આ ઉજવણીના ભાગરૂપે ઇન્ડિયન સોસાયટી ઓફ પેરીઓડોટોલોજીના નિર્દેશન અનુસાર સમગ્ર ફેબ્રુઆરી માસ અને આગામી તા.૨૦ માર્ચ સુધી જાહેર જનતાના હિતાર્થે નો બ્લીડિંગ ગમ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમ અંતર્ગત ડેન્ટલ હોસ્પિટલ તથા જી.જી. હોસ્પિટલના મેડિસિન અને ગાયનેક વિભાગમાં આવતા દર્દીઓમાં પેઢાના રોગોનું નિદાન, પેઢાના રોગો અંગેની યોગ્ય જાણકારી, પેઢાના રોગોની આપણા શરીરના અન્ય અંગો પર થતી આડઅસર, સ્વસ્થ પેઢા માટે યોગ્ય કાળજી, સ્ત્રીઓમાં ગર્ભાવસ્થા દરમિયાન પેઢાની સાર-સંભાળ વિગેરે મહત્વના વિષયો વિષે દર્દીઓને માહિતગાર કરવામાં આવશે.

જે દર્દીઓને પેઢામાંથી લોહી કે પરૂ નીકળવું, મોઢામાંથી દુર્ગંધ આવવી, પેઢા ફૂલી જવા, પેઢા ઉતરી જવા, દાંત વચ્ચેની જગ્યામાં ખંજવાળ આવવી વિગેરે તકલીફ હોય, તો તેવા તમામ દર્દીઓએ અચૂકપણે આ કાર્યક્રમ થકી લાભાન્વિત બનવા માટે અનુરોધ કરાયો છે. તેમ પેરિયોડોંટોલોજી વિભાગ, ગવર્મેન્ટ ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વાંકાનેરઃઢૂવા-માટેલ રોડ ઉપરથી વિદેશી દારૂની પાંચ બોટલ સાથે એક ઝડપાયો

મુખ્ય સમાચાર, મોરબી

વાંકાનેર તાલુકાના ઢૂવા-માટેલ રોડ ઉપર આવેલ ગાયત્રી ચેમ્બર પાસેથી વાંકાનેર તાલુકા પોલીસ ટીમે પાસ પરમીટ કે આધાર વગર થેલીમાં વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની પાંચ બોટલ લઇ નીકળેલ આરોપી શંકરભાઇ બાલાભાઈ કટોસણા ઉવ.૩૪ રહે.હાલ માટેલ પંચમુખી રેસીડન્ટ મકાન નં ૪ મૂળગામ મદારગઢ જી.સુ.નગરની અટક કરી વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પ્રોહી. અંગે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

દશ લાખની માંગણી કરી શારીરીક-માનસીક દુઃખ ત્રાસ આપી, ગાળો આપી, મારકુટ કરી કાઢી મુકવાના ગુન્હામાં સાસરીયાઓનો નિર્દોષ છુટકારો

મુખ્ય સમાચાર, વિજય રાડીયા

ભાયાવદરઃ ફરીયાદીની વિગતવાર ફરીયાદ જોવામાં આવે તો, ફરીયાદી પરીણીતાએ રાજકોટના સંદીપ લખધીરભાઇ સીંધવ સાથે પ્રેમ લગ્ન કરેલ હતાં. લગ્નબાદ, પતિ, સાસુ નિર્મળાબેન લખધીરભાઇ સીંધવ તથા દીયર ધવલ લખધીરભાઇ સીંધવ તથા દેરાણી ભાવીશા ધવલભાઇ સીંધવ વિરૂધ્ધ રાજકોટ મહિલા પોલીસ સ્ટેશનમાં સાસુ નાની-નાની બાબતોમાં ઝઘડા કરી, ગાળો આપી મારકુટ કરતાં હોવાની તેમજ દિયર તુ અમારી નાતની નથી અહીંથી ચાલી જા આવુ કહી માનસીક ત્રાસ આપતા હોવાની તેમજ દેરાણી ઘરકામ બાબતે ઝઘડા કરતાં હોવાની તેમજ પતિ દશ લાખની મકાન માટે માંગણી કરતાં હોવાની અને તમારી દિકરીને જો રાખવી હોય તો રૂપીયા આપો તેમ જણાવી દહેજની માંગણી કરતાં હોવાની તથા પતિને અન્ય સ્ત્રી સાથે અફેર હોય કંટાળી બ્લીચ પી લીધુ હોય તેમજ કલાસીસની ફી ભરવા પૈસાની માંગણી કરતાં પતિએ તારા પીતાજીના ઘરેથી ફી લઇ આવ મારી પાસે નથી એમ કહી ઝઘડો કરી ઘરમાંથી કાઢી મુકેલ હોવાની ફરીયાદ કરવામાં આવેલ હતી.

સદરહું ફરીયાદી બાબતે રાજકોટ મહિલા પોલીસ સ્ટેશન દ્વારા તપાસ કરી સાસરીયાઓ વિરૂધ્ધ રાજકોટ કોર્ટમાં સને ૨૦૧૯ માં ચાર્જશીટ ફાઇલ કરવામાં આવેલ. સદરહું કેસની નામદાર કોર્ટ સમક્ષ લંબાણ પુર્વક ટ્રાયલ ચાલેલ. જેમાં ફરીયાદી તેમજ સાક્ષીઓની લંબાણ પુર્વકની જુબાની કોર્ટ દ્વારા નોંધેલ હતી. જેમાં આરોપી સાસરીયાઓના વકીલ દ્વારા કરેલ ઉલટતપાસ દરમ્યાન ખુબજ મોટો વિરોધાભાસ સામે આવેલ હોય, જેનું ખંડન થયેલ હોવાની તથા ફરીયાદના શારીરીક માનસીક ત્રાસ તેમજ દહેજની માંગણી તેમજ સારવાર બાબતે ફરીયાદી તેનો કેસ પુરવાર કરી શકેલ ન હોવાની તેમજ નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ માત્ર મૌખિક પુરાવાના આધારે ત્રાસ માની શકાય નહીં વિગેરે આરોપીના વકીલની દલીલો ધ્યાને લઇ નામદાર કોર્ટે સાસરીયાઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. હાલના કામે સાસરીયાઓ તરફે રાજકોટના યુવા વકીલ ડેનીષ એ. સીણોજીયા રોકાયેલ હતાં.

ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે જલારામબાપા વિશે વિવાદાસ્પદ ટીપ્પણી કરતાં રાજુલામાં અપાયું આવેદન

મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા

રાજુલા શહેરમા રઘુવંશી સમાજ કલોલના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણે જલારામ બાપા વિશે વિવાદાસ્પદ ટીપ્પણી લઈ ગુજરાતમાં ઘેરા-પ્રત્યાઘાતો પડ્યા છે. ત્યારે રાજુલામાં સમસ્ત રઘુવંશી સમાજે રેલી સ્વરૂપે ઇન્ચાર્જ પ્રાંત અધિકારી એ.કે.શ્રીમાળીને આવેદનપત્ર પાઠવવામા આવ્યું હતું. લોહાણા સમાજ વાડી થી પ્રાંત કચેરી સુધી બાઈક રેલી યોજી હતી. અને રેલી દરમિયાન સૂત્રોચાર કરવામાં આવ્યાં હતાં. આ આવેદનપત્રમાં રઘુવંશી સમાજ સાથે વિશ્વ હિન્દુ પરિષદ તેમજ બજરંગ દળ ટીમ જોડાઇને આવેદનપત્ર પાઠવ્યું હતું. આ આવેદનપત્રમાં જણાવ્યુ કે, જલારામ બાપાએ રઘુવંશી સમાજના ભગવાન છે જેથી સમગ્ર રઘુવંશી સમાજની લાગણી જોડાયેલી છે. ઠેર ઠેર-ઠેર જલારામ બાપાના મંદિરો આવેલા છે. વીરપુરમાં જલારામ બાપાનું ભવ્ય મંદિર આવેલું છે. જેમા હજારો શ્રદ્ધાળુઓની ધાર્મિક લાગણી જોડાયેલી છે. દરેક રઘુવંશી સમાજ સહિત તમામ સમાજ જલારામ બાપાને ભગવાન માને છે. અને તેની પુજા કરે છે. ત્યારે કલોલના ધારાસભ્ય ફતેસિંહે દ્વારા જલારામ બાપા વિશે વિવાદિત ટીપ્પણીને લઈ સમગ્ર રઘુવંશી સમાજની ધાર્મિક લાગણી દુભાઈ હતી. જેથી રઘુવંશી સમાજમા ભારે રોષ વ્યાપ્યો હતો. ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ સામે કડક કાર્યવાહી કરવા માંગ કરાઇ હતી.....

ઉનામાં જમીન સંપાદનના કારણે અટકેલ હોસ્પીટલનું કામ શરુ કરવા માંગ

રસિક ચાવડાએ મુખ્યમંત્રી કાર્યાલય ખાતે રૂબરૂ રજુઆત કરી

મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ

ઊનાઃ અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડા એ ભુપેન્દ્રભાઈ પટેલ,મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર અને રૂષીકેશભાઈ પટેલ, મંત્રીશ્રી આરોગ્ય અને પરીવાર કલ્યાણ, ગાંધીનગર ના કાર્યાલય ખાતે રૂબરૂ જઈ રજુવાત કરી કે ઉના તાલુકો એ છેવાડાનો મોટો તાલુકો છે. ત્યારે સરકારશ્રી દ્વારા અહી સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ જાહેર કરવામાં આવી હતી.૧૦૦ બેડ અને મહેકમ મંજુર કરવામાં આવેલ હતુ.નવીનીકરણ માટે ૨૦૧૮/૧૯માં નવીન સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ ના બાંધકામ માટે રાજય સરકારે બજેટ મા નાણાની જોગવાઈ પણ કરવામાં આવી હતી.

આજદીન સુધી આ સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ ના બાંધકામનું કામ શરુ કરવામાં આવેલ નથી.વારંવાર રજુઆત કરવા છતા જગ્યા/જમીન બાબતે નકકર કાર્યવાહી કરવામાં આવેલ નથી. છેલ્લા ઘણા સમયથી સબ ડીસ્ટ્રીક હોસ્પીટલની જમીન સંપાદન ની કાર્યવાહી અટકી છે.તેના કારણે આ વિસ્તાર ના લોકો ને સરકારશ્રી દ્વારા મંજુર થયેલ સબ ડીસ્ટ્રીક હોસ્પિટલ નો લાભ મળી શકયો નથી.

સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ બાબતે જરુરી કાર્યવાહી કરવામાં આવે વહેલી તકે જમીન સંપાદન કરવામા આવે અને નવીન સબ ડીસ્ટ્રીક હોસ્પીટલનું બાંધકામ શરુ કરવામાં આવે.અને છેવાડાના વિસ્તારના લોકોને સારી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે વહેલી તકે કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ રસિક ચાવડા એ કરી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હોસ્પિટલ બાબતે આરોગ્ય વિભાગ હકારાત્મક છે પરંતુ જમીન સંપાદન ના થતા કામ શરૂ થઈ શક્યું નથી.જમીન સંપાદન માં કોની નિયત નથી.કેમ કે છેલ્લા પાંચ વર્ષ થી આ હોસ્પિટલ લટકાયેલ પડી છે.હવે આ બાબતે મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રી અંગત રસ લઈ આ વિસ્તાર ના લોકો ની સુખાકારી માટે આ કામ પૂર્ણ કરાવે એવી લોક માંગ થઈ રહી છે.

જામનગર નજીક નાઘેડી વિસ્તારમાં બ્રાસપાર્ટનું એકમ ધરાવતા વણિક વેપારી સાથે રૂપિયા ૫૯ લાખની છેતરપિંડી

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર નજીક નાઘેડી વિસ્તારમાં બ્રાસપાર્ટનું એકમ ધરાવતા એક વણિક વેપારી સાથે રૂપિયા ૫૯ લાખની છેતરપિંડી થયાની ફરિયાદ પંચકોશી બી.પોલીસ સ્ટેશન મથકમાં નોંધાવતા રાજસ્થાનની પેઢીના એક સંચાલક તેમજ મુંબઈના એક દલાલ સામે છેતરપિંડી અંગેનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.આ બનાવની વિગત એવી છે કે, જામનગરમાં લાખોટા મિગ કોલોનીમાં રહેતા અને નાઘેડી ગામ પાસે ઇન્ડસ્ટ્રીયલ ઝોનમાં મેક્સિકો મેટલ ઈમ્પેક્ષ નામનું બ્રાસ પાર્ટનું એકમ ધરાવતા મુકેશભાઈ હરખલાલ શાહ, કે જેઓએ પંચકોષી બી. સ્ટેશન મથકમાં પોતાની સાથે રૂપિયા ૫૯ લાખની છેતરપિંડી કરવા અંગે રાજસ્થાનના જયપુરના વિનોદ ટ્રેડર્સના સંચાલક વિનોદભાઈ તેમજ મુંબઈના દલાલ મુન્નાભાઈ સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જાહેર કરાયા અનુસાર મુંબઈના દલાલ મારફતે રાજસ્થાનના વિનોદભાઈ કે જેમણે વેપારીને ઉચ્ચ કક્ષાનું કોપર આપવા માટેનું સેમ્પલ મોકલ્યું હતું, ત્યારબાદ વેપારી છેક રાજસ્થાન ગયા હતા, અને ત્યાં પણ કોપરનો જથ્થો જોઈ આવ્યા હતા. તે મુજબ ૩૦ લાખની રકમ આંગડિયા મારફતે મોકલાવ્યાં હતા.૨૯ લાખની રકમ ઓનલાઈન ટ્રાન્જેક્શન મારફતે મોકલાવી હતી. ત્યારબાદ રાજસ્થાનના વેપારીએ કોપરને બદલે ધૂળ માટીનો જથ્થો મોકલી દઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી, જેથી દલાલની તપાસ કરાવતાં તેઓ ગાયબ થઈ ગયા હતા. આથી મામલો પંચકોષી બી. પોલીસ સ્ટેશન મથકમાં લઈ જવાયો હતો. પીએસઆઈ એમ. વી. મોઢવાડિયાએ બંને આરોપીઓ સામે આઇપીસી કલમ ૪૦૬,૪૨૦,તથા ૧૧૪ મુજબ ગુનો નોંધ્યો છે, અને તપાસનો દોર રાજસ્થાન તેમજ મુંબઈ સુધી લંબાવ્યો છે.

જામનગરમાં ટ્રાફિક અવેરનેશ કાર્યક્રમઃ શપથ લેવડાવ્યા

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલુની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા તથા પીઆઇ એમ.બી. ગજજરના માર્ગદર્શન સુચના મુજબ હાલમાં ચાલી રહેલ રાષ્ટ્રીય માર્ગ સલમતી માસ-૨૦૨૪ તા. ૧૫-૧ થી તા. ૧૪-૨ દમ્યાન ટ્રાફિક શાખા જામનગર દ્વારા લોકોમાં ટ્રાફિક નિયમો અંગેની જાગૃતી લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન યોજી જે અન્વયે તા. ૬-૨ના રોજ ડીકેવી કોલેજના કેમ્પસ ખાતે ટ્રાફિક અવેનરનેશ માટે આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં ડીવાયએસપીના અધ્યક્ષ સ્થાને તેમજ ટ્રાફિક પીઆઇ ગજજર તથા પીએસઆઇ દ્વારા ટ્રાફિક શાખાના જવાનોને સાથે રાખીને કાર્યક્રમમાં હુશેન મેડીવાલા દ્વારા ટ્રાફીક અવેરનેશ બાબતે લેકચર આપવામાં આવ્યુ હતું જેમાં ડીકેવી કોલેજના પ્રિન્સીપાલ રાજેશ પુરોહીત, ઘેલાણી, કરણસિંહ રાઠોડ તેમજ એકેડેમીક સ્ટાફની હાજરીમાં આશરે ૬૦૦ વિધાર્થીઓ ઉપસ્થીત રહયા હતા, કાર્યક્રમના અંતે ટ્રાફિક અવેરનેશ જાગૃતી લાવવા અંગેના શપથ લેવડાવી સફળ આયોજન કર્યુ હતું.

વાંકાનેરમાં ખોજાખાના શેરીમાં વર્લી મટકાનો જુગાર રમતા એકની અટક

મુખ્ય સમાચાર, મોરબી

મળતી માહિતી અનુસાર વાંકાનેર સીટી પોલીસને મળેલ ખાનગીરાહે બાતમીને આધારે ખોજાખાના શેરીમાં જાહેરમાં વર્લી ફિચર્સના આંકડા લખી પૈસાની હારજીતનો જુગાર રમતા અસરફભાઇ કરીમભાઇ રફાઈ રહે. વાંકાનેર ખોજાખાના શેરીને વર્લી મટકાના જુગાર રમવાના સાહિત્ય તથા રોકડા રૂ.૬૫૦/-સાથે અટક કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

મોરબીમાં ૧૦ તારીખે બજાર સમિતિ ખાતે લાભાર્થી સંમેલનનો કાર્યક્રમ યોજાશે

બજાર સમિતિ ખાતે વડાપ્રધાનનો કાર્યક્રમ લાઈવ બતાવાશે

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં આગામી તા.૧૦એ લાભાર્થી સંમેલન યોજાનાર છે. જેમાં મોરબી અને માળિયાના ભાજપના કાર્યકરોને મોટી સંખ્યામાં ઉમટી પડવા ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ અપીલ કરી છે.

ધારાસભ્ય કાંતિલાલ અમૃતિયાએ જણાવ્યું કે તા.૧૦એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી લાભાર્થી સંમેલનનો કાર્યક્રમ યોજવાના છે. મોરબી- માળિયા વિધાનસભા વિસ્તારનો કાર્યક્રમ મોરબી બજાર સમિતિમાં રાખ્યો છે. બપોરે ૧૨ વાગ્યે અહીં વડાપ્રધાનના કાર્યક્રમનું લાઈવ પ્રસારણ પણ બતાવવામાં આવશે. આ સાથે ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના સભ્યો તેમજ માજી સભ્યો, બુથના કાર્યકરો, પેજ પ્રમુખો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહે. પાર્ટીએ ૫ હજાર લોકો આ કાર્યક્રમના સહભાગી બને તેવુ આયોજન કર્યું છે. પરંતુ અહીં ૭ હજાર લોકો એકત્ર થાય તેવી રીતે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓને ઉમટી પડવા મોરબી માળિયા વિસ્તારના ધારાસભ્યની હાકલ છે.

ઓમ હાઉસિંગ સોસાયટીના રહેવાસીઓએ પાણી પ્રશ્ને મનપામાં કર્યો હલ્લાબોલ

(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરના રૂડા ત્રણની બાજુમાં ઈસ્કોન મંદિર પાછળ આવેલ પ્રધાન મંત્રી આવાસ યોજના પૈકીની ઓમ હાઉસિંગ સોસાયટીના રહેવાસીઓએ આજે મનપામાં પાણી પ્રશ્ને હલ્લાબોલ કરી ડે.એન્જીનીયરને આવેદન પત્ર સુપ્રત કરીને જણાવ્યું હતું કે ઓમ હાઉસિંગ સોસાયટીમાં ૨૮૦ ક્વાર્ટર આવેલા છે. જેમાં પાણીનો બોર હોવા છતા પાણી આવતું નથી આ અંગે વોર્ડ નં.૯ના નગરસેવકોને વારંવાર ફરિયાદ પણ કરાઈ છે તેમ છતા કોઈ પગલા ન લેવાતા આજે રહેવાસીઓએ આ અંગે તંત્રનું ધ્યાન દોર્યું હતું. તેઓએ જણાવ્યું હતું કે પાણીપૂરવઠો પૂરતો ન હોય મહાનગરપાલિકા દવારા તુરંતમાં પાણીનું ટેન્કર શરૂ કરવામાં આવે.

શહેરના મંગળા રોડ પર આવેલ વિશાલ ડેરી પર આરોગ્ય વિભાગના દરોડા

મુખ્ય સમાચાર, રાજકોટ

છેલ્લા ઘણા સમયથી શહેરીજનોના આરોગ્ય સાથે ચેડા કરી વધુ નફો લેવાની મેલીમુરાદ રાખતા તત્વો પર મનપાના આરોગ્ય વિભાગ દવારા દરોડા પાડવામાં આવી રહ્યા છે. મનપા કમિશનર આનંદ પટેલ દવારા અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં આદેશ અપાયો છે કે કોઈપણ જાતના દબાણ કે શહેશરમ રાખ્યા વગર ખાદ્યપદાર્થમાં મિલાવટ કરતા તત્વોને દાબી દેવામાં આવે જેના ભાગ રૂપે આરોગ્ય વિભાગના અધિકારી જયેશ વાકાણીની આગેવાનીમાં ટીમ દવારા શહેરના જુદા જુદા વિસ્તારોમાં દરોડા પાડવામાં આવી રહ્યા છે.

જેના ભાગ રૂપે આજે અધિકારીઓની એક ટીમ શહેરના મંગળા રોડ પર આવેલ વિશાલ ડેરી પર ત્રાટકી હતી. અધિકારીની ટીમ દવારા વિશાલ ડેરીમાં વેંચાતા દૂધ તેમજ દૂધની બનાવટની ખાદ્યપદાર્થનું ચેકિંગ હાથ ધરાયું હતું. આ ડેરિમાં શંકાસ્પદ દૂધનો જથ્થો ઝડપાતા રાજુલ પરમાર સહિતના અધિકારીઓએ દૂધનો નમૂનો લઈ તેને પરિક્ષણ માટે લેબોરેટરીમાં મોકલી આપ્યો છે. આ અંગે મીડિયા સાથેની વાતચીતનો રાજુલ પરમારે જણાવ્યું હતું કે વિશાલ ડેરીમાં વેંચાતી મીઠાઈ સહિત દૂધના જથ્થાનું નિરિક્ષણ કર્યા બાદ વધુ તપાસ અર્થે સેમ્પલ લેબમાં મોકલી આપેલ છે.

કુવાડવા ગામે રસ્તો ઓળંગતા યુવાનને અજાણ્યા વાહનના ચાલકે ઠોકરે ચડાવતા મોત

મુખ્ય સમાચાર, રાજકોટ

કુવાડવા પાસે રસ્તો ઓળંગતા શ્રમિક યુવકનું અજાણ્યા વાહનની ઠોકરે મોત નીપજતા શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

આ અંગેની માહિતી મુજબ મૂળ રાજસ્થાનના વતની અને હાલ કુવાડવા નજીક આવેલી બોમ્બે સુપર કંપનીમાં કામ કરતા સેરારામ કાનારામ મેઘવાળ નામનો ૨૮ વર્ષનો યુવાન બે દિવસ પૂર્વે રાત્રીના સાડા નવેક વાગ્યાના અરસામાં કંપનીમાંથી રોડ ક્રોસ કરી સામે દુકાને નાસ્તો લેવા જઈ રહ્યો હતો ત્યારે માતેલા સાંઢની માફક ધસી આવેલા અજાણ્યા વાહન ચાલકે સેરારામ મેઘવાળને હડફેટે લેતા ઘવાયેલા સેરારામ મેઘવાળનું સારવારમાં મોત નિપજતા શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે.

પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન ત્રણ ભાઈમાં મોટો હતો અને તેને સંતાનમાં એક પુત્ર અને ત્રણ પુત્રી હોવાનું જાણવા મળ્યું છે.

નવી કોર્ટ સામે વકિલોને ઓફિસ માટે પાંચ એકર જમીન ફાળવવા તજવીજ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ મધ્યમાંથી કોર્ટ બિલ્ડીંગનું માધાપર પાસે સ્થળાંતર થતા હવે વકીલોને ઓફિસ માટે નવા કોર્ટ બિલ્ડીંગ પાસે ૫ એકર જમીન આપવા કલેક્ટર તંત્ર દ્વારા તૈયારી દર્શાવવામાં આવી છે. આ માટે રાજકોટ બાર એસોસીએશનને જમીન પ્રક્રિયાની પ્રોસેસ ફી ભરવા જણાવાયું છે.

આ અંગેની માહિતી મુજબ તાજેતરમાં મોચી બજારમાંથી કોર્ટ બિલ્ડીંગનું સ્થળાંતર થઈ ગયું છે. ૭૫ વર્ષથી કોર્ટ બિલ્ડીંગ શહેરની વચોવચ હોવાથી કોર્ટ આસપાસ વકીલોની ઓફિસ આવેલ હતી. આથી અરજદારોને સરળતા રહેતી હતી. હવે કોર્ટ શહેર બહાર જતાં વકીલોની ઓફિસ નહી હોવાથી અરજદારો અને વકીલોને મુશ્કેલી પડી રહી હોવાની ફરિયાદ રાજકોટ બાર એસોસીએશનને કરવામાં આવી હતી.

આથી રાજકોટ બાર એસોસીએશન દ્વારા કલેક્ટર પાસે નવી કોર્ટ બિલ્ડીંગ પાસે જમીન ફાળવવાની માંગણી કરવામાં આવી હતી. સરકારી તંત્ર દ્વારા ઘંટેશ્વર સર્વે નં.૧૫૦ પૈકીની સરકારી ખરાબામાં ૫ એકર જમીન ઉપલબ્ધ હોવાનો અભિપ્રાય આપવામાં આવ્યો હતો. રાજકોટ બાર એસોસીએશને આ જમીન માટે હકારાત્મક અભિગમ રાખતા તંત્ર દ્વારા જમીન ફાળવણી પ્રક્રિયા માટે જંત્રીના ૧ ટકા પ્રોસેસ ફિ ભરવા જણાવાયું છે. કલેક્ટર તંત્ર દ્વારા વકીલોને આપવામાં આવનાર જમીનની કિંમત અંદાજે ૩૦થી૩૫ કરોડ આસપાસ થવા જાય છે. જો કે જમીનની ખરી કિંમત ડિસ્ટ્રીક્ટ લેન્ડ પ્રાઈસ કમીટીની મળનાર બેઠકમાં નક્કિ કરવામાં આવશે.

જેતલસર ગામે સસરાએ દાતરડા વડે પુત્રવધુ પર કર્યો હૂમલો

ગોંડલના ગુંદાળા ગામે યુવાનને પિતા પુત્રએ મારમાર્યો

મુખ્ય સમાચાર રાજકોટ

જેતપુરના જેતલસર ગામે રહેતી રેખાબેન રાકેશભાઈ ગોહેલ નામની પરણિતાએ જેતપુર તાલુકા પોલીસમાં તેના સસરા નીતિન નાથા ગોહેલ વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે પોતે ઘરે હતી ત્યારે પુત્રવધુ અને સસરા અલગ અલગ રૂમમાં રહેતા હોય તેનો પતિ તેના પતિ સાથે ઘરમાંથી જતા રહેવાનું કહેતા મહિલાએ કહેલ કે મારા પતિ આવે ત્યારે તેને હું વાત કરીશ આમ કહેતા સસરાએ ઉશ્કેરાઈ જઈ દાતરડા વડે હૂમલો કરી ડાબા પગના ઘુંટણ અને ગાળાના ભાગે ઈજા કરી હોવાની ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ એમ્કે.રંગપરાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જ્યારે એક બનાવમાં ગોંડલના ભગવતપરામાં રહેતો વિક્રમ ઉર્ફે વિકી વિજય મકવાણા નામનો યુવાન ગઈકાલે ગુંદાળા ગામે આવેલ જ્ઞાનસાગર સ્કૂલ પાછળ તેના કાકાના ઘરે ગયો હતો ત્યારે તેના પિતા વિજય મકવાણા અને ભાઈ મોહિતે કોઈ બાબતે ઝગડો કરી મારમારી કપાળ પર ચપ્પુનો ઘા મારી ઈજા કરતા ગોંડલ તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જસદણમાં બે આખલાની અથડામણમાં બાઈકચાલકનો ભોગ લેવાયોઃ એકને ઈજા

મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળિયા

જસદણઃ જસદણ શહેરમાં દિનપ્રતિદિન આખલાઓનો આતંક વધી રહ્યો છે. જો કે જસદણ નગરપાલિકા તંત્ર દ્વારા શહેરમાં રસ્તે રઝળતા આખલાઓને પકડી પાડી તેને જૂની નગરપાલિકાના ગ્રાઉન્ડમાં નંદીઘર બનાવી તેની માવજત પણ કરવામાં આવી રહી છે. છતાં હજી પણ શહેરના અનેક વિસ્તારોમાં આખલાઓનો આતંક જોવા મળી રહ્યો છે. જેના કારણે રાહદારીઓ તેમજ વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. ત્યારે જસદણમાં બાયપાસ રોડ પર રસ્તે રખડતા આખલાઓનો વધુ એક આતંક સામે આવ્યો હતો. જેમાં જસદણના બાયપાસ રોડ પર બપોરના સમયે બે આખલાઓ બાખડી પડતા ત્યાંથી પસાર થતા એક બાઈકને હડફેટે લેતા બાઈકમાં સવાર બે યુવકો ફૂટબોલની માફક રોડ પર ફંગોળાયા હતા. તે સમયે જ જસદણ નગરપાલિકાની કચરાની ગાડી નીકળતા તેની સાથે તે બાઈક સવાર યુવકો અચાનક અથડાતા અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં રાજકોટના રેલનગરમાં રહેતા કૌશિક પ્રજાપતિ નામના યુવકનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. જ્યારે બાઈક પાછળ બેઠેલ યુવકને ગંભીર ઈજાઓ થતા તેમને વધુ સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. આ બનાવની જાણ થતા જસદણ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ગોંડલ તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ આગામી ૨૧ ફેબ્રુઆરીએ યોજાશે

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજ્યના નાગરિકોના પ્રશ્નોનો તાલુકા કક્ષાએ નિકાલ થાય તે માટે યોજાતા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ અન્વયે ગોંડલ નગરપાલિકા વિસ્તાર તથા ગોંડલ શહેરના કક્ષાનાં પ્રશ્નો માટે આગામી તા.૨૧ ફેબ્રુઆરીના રોજ ૧૧.૦૦ કલાકે તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ પ્રાંત અધિકારીશ્રી, ગોંડલના અધ્યક્ષસ્થાને યોજાશે. આ કાર્યક્રમ અંગેના પ્રશ્નો પુરાવા સાથે બે નકલમાં અરજદારોએ સંબંધકર્તા મામલતદારશ્રીને તા.૧૨-૦૨-૨૦૨૪ સુધીમાં મોકલી આપવાના રહેશે.

આ કાર્યક્રમમાં અરજી કરતા પહેલા કોઈ પણ અરજદારે ગ્રામ કક્ષાનો પ્રશ્ન હોય, તો ગ્રામ પંચાયત, તલાટી કમ મંત્રી, ગ્રામ સેવકને પ્રથમ અરજી કરેલી હોવી અને તે અનિર્ણિત હોય તેમજ તાલુકા કક્ષાનો પ્રશ્ન હોય તો તાલુકાના જવાબદાર અધિકારીશ્રીને પ્રથમ લેખિતમાં રજુઆત કરેલી હોય અને તે અનિર્ણિત હોય તેવા પ્રશ્ન રજૂ કરી શકાશે. કાર્યક્રમમાં રજુ થતા પ્રશ્નો ગ્રામ, નગરપાલીકા અને તાલુકા કક્ષાએ જ નિર્ણય લઈ શકાય તેવા પ્રશ્નો હોવા જોઈએ અને તે સિવાયના પ્રશ્નો હોય તો જે તે સક્ષમ કચેરીને રજુઆત કરવાની રહેશે. અરજદાર પોતે રૂબરૂ પોતાના પ્રશ્નની જ આધાર-પુરાવા સાથે રજુઆત કરી શકશે. અરજદાર એક જ વિષયને લગતી રજુઆત કરી શકશે. સામૂહિક રજુઆતો નહીં કરી શકે તેમ મામલતદારશ્રી ગોંડલ(શહેર)ની યાદીમાં જણાવાયું છે.

બાગાયત કચેરી દ્વારા મહિલાઓને અપાઈ કિચન ગાર્ડનીંગ અને બોન્સાઈ આર્ટની તાલીમ

તાલીમાર્થીઓને કિચન ગાર્ડન, ઓર્ગેનિક ન્યુટ્રીશિયન કીટનું વિનામૂલ્યે વિતરણ કરાયું : બાગાયતની સરકારી યોજના વિશે જાણકારી અપાઈ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ જિલ્લા મદદનીશ બાગાયત નિયામક કચેરી હેઠળ અર્બન હોર્ટિકલ્ચર ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થા ખાતે અર્બન ગ્રીન મિશન અંતર્ગત અર્બન હોર્ટિકલ્ચર અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રેમવતી મહિલા મંદિરની મહિલાઓને કિચન ગાર્ડનીંગ, ટેરેસ / બાલ્કની ગાર્ડનીંગ અને બોન્સાઈ આર્ટની તાલીમ આપવામાં આવી હતી. તેમજ તાલીમાર્થીઓને કિચન ગાર્ડન ઓર્ગેનિક ન્યુટ્રીશિયન કીટનું વિનામૂલ્યે વિતરણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં જિલ્લા મદદનીશ બાગાયત નિયામક હિરેનભાઈ ભીમાણીએ પર્યાવરણ જાગૃતિ ઉપરાંત આરોગ્યપ્રદ શાકભાજીનું વાવેતર ઘરઆંગણે કરવાના શુભ આશયથી આ તાલીમ યોજાઈ હોવાનું જણાવ્યું હતું. તેમણે પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશનના માધ્યમથી અર્બન હોર્ટિકલ્ચર એટલે શું? શા માટે? આહારમાં શાકભાજીનું મહત્વ, કિચન ગાર્ડનનું આયોજન, ફાયદાઓ અને જાળવણી, કોકોપીટ, બિયારણનો ઉપયોગ, જીવાતોના નિયંત્રણ માટે ઘરગથ્થુ ઉપાય, વર્ટિકલ ગાર્ડન સહિતના મુદ્દાઓની વિગતવાર છણાવટ કરીને સમજૂતી આપી હતી. ખાસ કરીને કેનીંગ તથા કિચન ગાર્ડનીંગની સરકારી યોજના વિશે જાણકારી આપી હતી.

બોન્સાઈ નિષ્ણાતશ્રી ચેતનભાઈ સિંધવે બોન્સાઈને સરળતાથી સમજાવતા કહ્યું હતું કે બોન્સાઈ એ જીવંત કળા છે. કોઈ પણ વનસ્પતિમાં પ્રાણ રહેલા છે એટલે મનુષ્યોની જેમ તેને પણ પોષકતત્વોની જરૂર હોય છે. મૂળ ચીનની કળા બોન્સાઈને સામાન્ય શબ્દોમાં વિશાળ વૃક્ષનું નાનું સ્વરુપ કહી શકાય. ઘરમાં રાખેલા બોન્સાઈ પ્લાન્ટ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધવા માટે મદદરૂપ બને છે.

રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે વિશ્વ કઠોળ દિવસ નિમિતે

'હેલ્ધી સલાડ મેકિંગ' સ્પર્ધા યોજાશે નાગરિકોને વહેલી તકે રજીસ્ટ્રેશન કરાવી સ્પર્ધામાં ભાગ લેવા અનુરોધ

મુખ્ય સમાચાર, રાજકોટ

રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે સામાન્ય જનતા અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક વિચારસરણી, જાગૃતતા અને સંશોધનાત્મક અભિગમ કેળવાય તે હેતુસર સમયાંતરે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું હોય છે ત્યારે તા. ૧૦ ફેબ્રુઆરીના રોજ 'વિશ્વ કઠોળ દિવસ' નિમિતે નસ્ત્રહેલ્ધી સલાડ મેકિંગસ્ત્રસ્ત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. લોકો રોજીંદા ભોજનમાં કઠોળનું મહત્વ સમજે તે માટે આયોજિત આ સ્પર્ધામાં ભાગ લેવા માટે વહેલી તકે https://bit.ly/RSCReg લિંક ઉપર રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. સ્પર્ધકોએ કઠોળ સહિત જરૂરી સામગ્રી ઘરેથી સાથે લાવવાની રહેશે. આ સ્પર્ધાનું પરિણામ મુલાકાતીઓના વોટીંગના આધારે નક્કી કરવામાં આવશે તેમ રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટની યાદીમાં જણાવાયું છે.

કલેકટરની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ

ઘાયલ દર્દીઓની ઈમર્જન્સીમાં મદદે આવનાર મીનુ જસદનવાલાને પ્રશંસા પત્ર આપી સન્માનિત કરાયાઃ વાહન અકસ્માતનું પ્રમાણ ઘટાડવા સઘન કાર્યવાહી કરવા કલેકટરની તાકીદ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોરની ઉપસ્થિતિમાં કલેકટર કચેરી ખાતે ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. બેઠકના પ્રારંભે અકસ્માતમાં ઘાયલ દર્દીઓને ઈમર્જન્સીમાં મદદરૂપ બનનાર ગુડ સમરીટનને પ્રશંસા પત્ર આપી સન્માનિત કરાયા હતાં.

આ બેઠકમાં રાજકોટ જિલ્લા સંલગ્ન જુદા જુદા હાઇવે પર નિર્ધારિત બ્લેક સ્પોટ પર વાહન અકસ્માતના કારણોની ચર્ચા કરવામાં આવી હતી, તેમજ આ સ્થળોએ જરૂરી માર્ગદર્શક સાઈનેજીસ, રંબલ સ્ટ્રીપની કામગીરી અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

કલેક્ટરએ વાહન અકસ્માતોનું પ્રમાણ ઘટે તે માટે તાકીદે જરૂરી કામગીરી પૂર્ણ કરવા તાકીદ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ જિલ્લામાં કિશાન, મારુતિ પંપ, શાપર બ્રિજ, ઉમવાડી તેમજ જામવાડી પાસે અકસ્માતોનું પ્રમાણ વધારે જોવા મળે છે.

આ તકે અધ્યક્ષ દ્વારા હાઇવે આસપાસ આવેલ નડતરરૂપ હોટલ, શોરૂમ, દુકાનો તોડી પાડવા તેમજ ગેપ ઇન મીડીયમ તોડતા લોકો વિરુદ્ધ ફરિયાદ કરવા સૂચના આપી હતી. આ સાથે અકસ્માત સંભવિત સ્થળ ઉપર સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટે ખાસ સૂચના અપાઈ હતી, જેથી અકસ્માત અંગેના કારણો જાણી શકાય.

રોડ સેફટી એક્સપર્ટશ્રી જે.વી.શાહ અને આર.ટી.ઓ. ખપેડ દ્વારા વિવિધ જગ્યાઓએ આયોજિત સેમિનારમાં રોડ સેફટી ઉપરાંત ગુડ સમરીટન યોજના વિશે લોકોને જાગૃત કરવામાં આવ્યા હતાં.

કલેક્ટર તેમજ પોલીસ અધિક્ષકશ્રીના હસ્તે મીનુ જસદનવાલા કે જેમણે છેલ્લા ત્રણ માસમાં ત્રણ દર્દીઓને ૧૦૮ મારફતે હોસ્પિટલમાં દાખલ કરવા મદદરૂપ બન્યા હોઈ તેમનુ સન્માન કરવામાં આવ્યું હતું, તેમજ

જુદાજુદા કિસ્સામાં ગંભીર રીતે ઘાયલની મદદે આવનાર પોલીસ તેમજ ૧૦૮ની ટીમની કામગીરી બિરદાવી હતી. આ બેઠકમાં ટ્રાફિક પોલીસ એ.સી.પી ઝે.બી.ગઢવી, શિક્ષણ, આર. એન્ડ. બી, ૧૦૮, નેશનલ હાઇવે ઓથોરિટી, રૂડા, એલ.એન્ડ.ટી. સહીત વિવિધ વિભાગના અધિકારીશ્રી તેમજ પ્રતિનિધીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મેં કોઈ દિવસ વિચાર્યું પણ નહોતું કે પોતાનું પાક્કું મકાન બનશે, પણ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આ સપનું સાકાર થયું છેઃ લાભાર્થી કીમાભાઈ સરસિયા

મકાનમાં નળિયામાંથી ચોમાસામાં પાણી પડતું, લાકડાના ટેકા લગાવેલ હતાં. કાચા મકાનમાં પડતી આવી તકલીફો પાક્કું ઘર બનવાથી દુર થઈ

સાફલ્ય ગાથા – ભાર્ગવ ભંડેરી

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટના કોટડાસાંગાણી તાલુકામાં ભાડવા ગામના કીમાભાઇ જીકાભાઇ સરસિયા જણાવે છે કે, પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ થકી મારે પાક્કું ઘર બનાવવાનું સપનું સાકાર થયું છે. કોઇ દિવસ વિચાર્યું પણ નહોતું કે પોતાનું પાક્કું મકાન બનશે, પણ પ્રધાનમંત્રી આવાસ યોજનાની નાણાંકીય સહાયથી આ શક્ય બન્યું છે. પ્રધાનમંત્રી અને મુખ્યમંત્રીએ આ યોજના દ્વારા સહાય આપવા માટે તેમનો ખુબ ખુબ આભાર. કીમાભાઇના જણાવ્યા મુજબ તેઓને કાચા મકાનમાં ખુબ તકલીફ પડતી હતી. તેમના મકાનમાં નળિયામાંથી ચોમાસામાં પાણી પડતું. આધારરૂપ લાકડુ વિવિધ જગ્યાએથી સડી અને તુટી ગયેલ હોવાથી લાકડાના ટેકા લગાવેલ હતાં. આવી ખરાબ પરિસ્થિતિંમાંથી બહાર નિકળવા આ સહાય તેમને આશિર્વાદરૂપ સાબિત થઇ છે. તેઓ ભણેલા નથી અને છુટક મજુરીકામ અને પશુપાલન કરે છે અને પત્નિ, પુત્ર, પુત્રવધુ, બાળકો મળીને કુલ ૭ વ્યક્તિનો પરિવાર ધરાવે છે. તેમણે ડખઅઢ-ઋઅંતર્ગત નવું મકાન બાંધવા માટે ત્રણ હપ્તામાં ૧.૨૦ લાખની સહાય મળી છે, જેમાં તેમણે બે રૂમ, રસોડું અને શૌચાલય,બાથરૂમ વાળું સુવિધાયુક્ત પાક્કું મકાન તૈયાર કર્યું છે. ચોમાસામાં નળિયામાંથી પાણી પડવાની ચિંતા દુર થતા અને શૌચાલયની સુવિધા ઘરમાં જ મળી રહેતા ઘરની સ્ત્રીઓ અને બાળકોને રાહત મળી છે.

PMAY-G પ્રધાનમંત્રી આવાસ યોજના- ગ્રામીણ યોજનાનો હેતું હાઉસિંગ ફોર ઓલના સંકલ્પને સાકાર કરવા માટે તમામ ગ્રામીણ ઘરવિહોણા કે કાચા મકાનોમાં રહેતા લોકોને પાક્કું મકાન તૈયાર કરવા સહાય પુરી પાડવાનો છે. આ યોજના અંતર્ગત ત્રણ હપ્તામાં મકાન બાંધવાની કામગીરીની પ્રગતી ચકાસીને કુલ ૧.૨ લાખની સહાય ડી.બી.ટી. દ્વારા સીધી બેંક ખાતામાં જ આપવામાં આવે છે. ઉપરાંત, શૌચાલય માટે રૂ.૧૨,૦૦૦ અને મનરેગા અંતર્ગત ૯૦ દિવસના કાર્ય માટે રૂ.૧૮,૦૦૦ પણ આપવામાં આવે છે. આમ, ગ્રામીણ વિસ્તારમાં નવું મકાન બાંધવા માટે રૂ.૧.૫ લાખ જેટલી સહાય આપવામાં આવે છે. આ યોજના ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ અને વંચિતોને તમામને આવાસ પુરૂ પાડવામાં મહત્વપુર્ણ ભુમિકા ભજવી રહી છે.

મેટોડામાં ઉછીના આપેલાં રૂપિયાની ઉઘરાણી બાબતે મિત્રને બે શખ્સોએ ધોકાવ્યો

મહિલા સહિત ચાર વ્યક્તિનો આપઘાતનો પ્રયાસ

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરની ભાગોળે આવેલા મેટોડા જીઆઇડીસીમાં રહેતા યુવકને પૈસાની લેતી દેતીમાં બે મિત્રોએ પટ્ટા વડે માર માર્યો હતો. યુવાનને સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ બનાવ અંગે મળતી વિગત મુજબ મેટોડા જીઆઇડીસીના પાટીયા પાસે રહેતા કિશન બાબુભાઈ રાઠોડ મ નામનો ૨૧ વર્ષનો યુવાન પોતાના મિત્ર અનિષ અને રાહુલ પાસે રૂ. ૧૮૦૦૦ માંગતો હતો જે રૂપિયાની લેતી દેતીમાં અનિષ અને રાહુલે સવારના અગીયારેક વાગ્યાના અરસામાં મેટોડા જીઆઇડીસીના ગેટ નંબર બે પાસે કિશન રાઠોડને પટ્ટા વડે માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા કિશન રાઠોડને તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય બનાવમાં જંગલેશ્વર વિસ્તારમાં આવેલા ભવાનીચોકમાં રહેતા હુસેન દિલાવરભાઈ બ્લોચ નામના ૩૫ વર્ષના યુવાને નાગરિક બેંક ચોકમાં ચારેક વાગ્યાના અરસામાં અગમ્ય કારણસર ઝેરી દવા પી લીધી હતી. કોઠારીયા રોડ ઉપર આવેલા આનંદનગરમાં રહેતા હિતેશ કિશોરભાઈ કારીયા નામના ૪૯ વર્ષના આધેડે બપોરના એકાદ વાગ્યાના અરસામાં અમુલ સર્કલ પાસે બીમારીના વધુ પડતા ટીકડા ખાઈ લીધા હતા. મવડી વિસ્તારમાં આવેલી લાભદીક સોસાયટીમાં શીતલબેન કિશોરભાઈ વિસપરા નામની ૪૦ વર્ષની મહિલાને તેના પતિ સાથે ઝઘડો થતા ફિનાઈલ પી લીધું હતું તેમજ ભાવનગર રોડ ઉપર આવેલા ખારચીયા ગામે રહેતી અનિતાબેન નાનજીભાઈ મકવાણા નામની ૧૮ વર્ષની યુવતીએ કોઈ અગમ્ય કારણસર પોતાના ઘરે ફીનાઇલ પી લીધું હતું. જવલનશીલ પ્રવાહી પી લેનાર યુવતી સહિત ચારેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જંગલેશ્વરમાં આંઠ કિલો ચરસ સાથે પકડાયેલ ચાર આરોપીઓને ૨૦ વર્ષની સખ્ત કેદ અને એક લાખનો દંડ

નારકોટીકસ કન્ટ્રોલ બ્યુરો, અમદાવાદે પકડેલ એક ઈસમ પાસેથી મળેલ માહિતીના આધારે જંગલેશ્વરમાં નારકોટીકસની રેડ દરમ્યાન આરોપીઓ પકડાયા હતા

મુખ્ય સમાચાર, રાજકોટ

અમદાવાદ ખાતે પકડાયેલ એક ઈસમ પાસેથી મળેલ ''ઈન્ટરસેપ્ટ'' ના આધારે રાજકોટ એસ.ઓ.જી.એ કરેલ રેડ દરમ્યાન જંગલેશ્વરમાં રહેતા મહેબુબ ઠેબાના ઘરમાં તેમની સાથેના ત્રણ બીજા ઈસમો ચરસના અલગ અલગ જથ્થા સાથે પકડાઈ જતા તેઓ સામેના કેસમાં નામ. અધિક સેશન્સ જજ બી. બી. જાદવ ચારેય આરોપીઓને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને પ્રત્યેકને રૂપીયા એક લાખનો દંડ ફટકારાયો છે.

આ કેસની હકીકત એવા પ્રકારની છે કે તા. ૯/૦૯/૨૦૧૮ ના નારકોટીકસ કન્ટ્રોલ બ્યુરો, અમદાવાદે એક ઈસમને ''ઈન્ટરસેપ્ટ' કરતા જાણવા મળેલ કે શકીલ અને સોહીલ નામના વ્યક્તિ રાજકોટ ખાતે મહેબુબ નામની વ્યકિતને ચરસ ડિલેવર કરી ગયેલ છે. એસ.ઓ.જી. રાજકોટને આ માહિતી મળતા વિવિધ ઈસમોના ફોન કોલ રેકર્ડ તપાસતા માલુમ પ ડેલ કે મહેબુબ ઠેબા નામની વ્યકિત જંગલેશ્વર વિસ્તારમાં રહે છે અને ચરસનો જથ્થો ત્યાં ડિલેવર થયેલ છે. જંગલેશ્વર વિસ્તારના કોઈ શેરી નંબર કે મકાન ઉપરના નામ અંગે કોઈ જ માહિતી ન હોવાથી એસ.ઓ.જી.ના પી.આઈ. એસ.એન. ગડુ એ પોલીસ અધિકારીઓની બે ટીમ બનાવી જંગલેશ્વર વિસ્તારમાં ગુપ્ત રાહે તપાસ કરાવતા માલુમ પડેલ કે મહેબુબ ઠેબા જંગલેશ્વર વિસ્તારના શેરી નં. ૧૩/૧૯ ના ખૂણે આવેલ મકાનમાં રહે છે. આ માહિતી મળતા પોલીસે વિડીયોગ્રાફર સાથે મહેબુબ ઠેબાના આ મકાનમાં પંચોની હાજરીમાં રેડની કાર્યવાહી શરૂ કરેલ. મહેબુબ ઠેબાના મકાનનો ડેલો ખખડાવતા તેઓ ખુદ બહાર આવેલ અને તેથી કાયદા મુજબના પ્રાથમિક અધિકારોથી મહેબુબ ઠેબાને માહિતગાર કરી તેમના મકાનમાં રેડ કરેલ મકાનના પહેલા રૂમમાં આરોપી ઈલ્યાસ હારૂન સોરા મળી આવેલ જેમની પાસે માદક પદાર્થ ચરસના ગઠ્ઠાઓ હતા. જેનુ રસાયણીક પરીક્ષણ કરી વજન કરતા ૦૧ કિલો ૧૦ ગ્રામ થયેલ. આ મકાનના ઉપરના ભાગે એક રૂમમાં આરોપી જાવદ ગુલમહમદ દલ મળી આવેલ જેના બાથરૂમના ઉપરના ભાગે રેકઝીનના થેલામાંથી ગઠ્ઠા સ્વરૂપમાં ચરસ મળેલ જેનું વજન ૨.૦૮ કિલો થયેલ. ત્યારબાદ મહેબુબ ઠેબાએ જણાવ્યા મુજબ શેરી નં. ૧૧ ના ખૂણે આવેલ ઓરડીમાં રફીક હબીબભાઈ લોયાના રૂમે રેડ કરતા તેમની પાસેના થેલામાં ૫.૦૯ કિલોગ્રામ ચરસ મળી આવેલ. આ રીતે મહેબુબ ઠેબાના આ મકાનમાં બે ઈસમો પાસેથી અને મકાનની બાજુની ઓરડીમાં પકડાયેલ એક આરોપી પાસેથી કુલ ૦૮ કિલોગ્રામ ચરસ મળી આવતા તેઓની પુછપરછ કરતા આ ચરસનો જથ્થો તેઓને શકીલ શહીદ સૈફી નામની વ્યકિતએ પહોંચાડેલ હોવાનું જણાવતા આ શકીલની પણ ધરપકડ કરવામાં આવેલ.

સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ એસ. કે. વોરાએ રજુઆત કરતા જણાવેલ હતુ કે આરોપીઓ સામેની રેડનું વિડીયોગ્રાફરે શરૂઆતથી અંત સુધીનું રેકોર્ડીંગ કરેલ હોવાથી નામ. અદાલતને આ રેકોર્ડીંગવાળી ડી.વી.ડી. ખરાઈ અંગેના પ્રમાણપત્ર સાથે રજુ કરવામાં આવેલ છે, જે સમગ્ર ડી.વી..ડી.માં ફિલ્મી સ્ટાઈલથી રેકોર્ડીંગ થયેલ હોય આ રેકોર્ડીંગ ઓપન કોર્ટમાં જોવામાં આવેલ છે. આ સમયે કોઈપણ આરોપીએ પોતાની ઓળખ અંગે કે મકાનના લોકેશન કે રાસાયણીક પૃથ્થકરણની પ્રક્રિયા વિગેરે બાબતે કોઈ જ તકરાર લેવામાં આવેલ ન હોવાથી આ કેસને ''ઓપન એન્ડ શટ'' એટલે કે બીનવિવાદાસ્પદ રીતે પૂર્ણ થયેલો ગણવામાં આવે. દલીલો માટે આરોપી પક્ષે પાંચ માસ સુધી ફકત મુદતો માંગવામાં આવેલ હતી. પરંતુ નામ. ગુજરાત હાઈકોર્ટે આ કેસ ચોકકસ સમયમર્યાદામાં પુરો કરવાનો આદેશ આપેલ હોવાથી સેશન્સ અદાલતે વધુ મુદતો આપવાનો ઈન્કાર કરી આ કેસને જજમેન્ટ ઉપર મુકેલ હતો. આજ રોજ આ કેસમાં ચરસનો જથ્થો આરોપીઓને પુરો પાડનાર પાંચમો આરોપી શકીલ સહીદ સૈફીને શંકાનો લાભ આપી છોડી મુકવામાં આવેલ છે જયારે મહેબુબ ઓસમાણ ઠેબાને ચરસ મંગાવવા બદલ અને ઈલ્યાસ હારૂન સોરા, જાવેદ ગુલમહમદ દલ અને રફીક હબીબભાઈ લોયાને ચરસ રાખવા બદલ એન.ડી.પી.એસ. એકટની વિવિધ કલમો હેઠળ તકસીરવાન ઠરાવેલ છે. આ ચરસનો જથ્થો વ્યવસાયીક હેતુ માટેનો હોવાના કારણે પ્રત્યેકને ૨૦ વર્ષની સખ્ત કેદની સજા અને પ્રત્યેકને રૂપીયા એક લાખનો દંડ ફટકારાયો છે.

આ કેસમાં સરકાર તરફે જીલ્લા સરકારી વકીલ સંજયભાઈ કે.વોરા રોકાયેલ હતા.

રેલનગરમાં તસ્કરોનો તરખાટ: બે મકાનમાંથી લાખોની મતાની ચોરી

મુખ્ય સમાચાર, રાજકોટ

રેલનગર વિસ્તારમાં બે મકાનના તાળા તોડી તસ્કરો લાખોના દાગીના અને રોકડ સહિતની ચોરી કરી જતાં ચકચાર મચી જવા પામી છે. મહિલા સફાઈ કામદાર પુત્રીના લગ્ન હોવાથી પરિવાર સાથે ગામડે ગયા હતાં અને પ્રસંગમાં પહેરવાના દાગીના જ ઘરે ભુલાઈ જતાં તસ્કરો આ દાગીના ઉઠાવી ગયા હતાં. જ્યારે બાજુમાં આવેલા અન્ય મકાનમાં ઉપરના માળે સુતેલા માતા-પુત્રીને બહારથી તાળુ મારી રૂમમાં પુરી દઈ નીચેના રૂમમાંથી રોકડ અને દાગીનાની ચોરી કરી ગયા હતાં. બનાવની જાણ થતાં પ્ર.નગર પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને ચોરીની ફરિયાદ નોંધી તસ્કરોની ભાળ મેળવવા તજવીજ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ, રેલનગર વિસ્તારમાં પાણીના ટાંકા પાસે આવેલા અવધ પાર્ક શેરી નં.૧માં બે મકાનોમાં ચોરીની ઘટના સામે આવી હતી. જેમાં અવધ પાર્ક બ્લોક વોર્ડ નં.૩માં સફાઈ કામદાર તરીકે નં.બી-૨૩માં રહેતા રાજુભાઈ દુદાભાઈ વાઘેલા મુળ વિસાવદરનાં મોણપરી ગામના વતની હોય તેમની પુત્રીના લગ્ન હોવાથી તેઓ પરિવાર સાથે ગત તા.૩૧ના રોજ મકાનને તાળા મારી મોણપરી ગામે ગયા હતાં. માંડવાના દિવસે તેઓને લગ્નમાં પહેરવાના દાગીના પત્ની પાસે માંગતાં તેઓ દાગીના ઘરે જ ભુલી ગયા હોવાની જાણ થઈ હતી. જો કે લગ્નમાં વ્યસ્ત હોવાથી તેઓ દાગીના લેવા ઘરે આવ્યા ન હતાં અને હજુ ગઈકાલે જ લગ્ન પ્રસંગ પુરો થયો હતો ત્યાં આજે સવારે પાડોશીએ ફોન કરી તેમના મકાનના તાળા તુટેલા હોવાની જાણ કરતાં તેઓ તાત્કાલીક રાજકોટ આવવા નીકળી ગયા હતાં. તસ્કરો તેમના મકાનને નિશાન બનાવી દરવાજાનો નકુચો તોડી ઘરમાં પ્રવેશ કરી કબાટની તિજોરીમાં રાખેલા ત્રણ ચેઈન, પાંચ વિટી અને ત્રણ સેટ મળી કુલ ૧૨ તોલા સોનાના દાગીના ઉઠાવી ગયા હોવાનું જાણવા મળ્યું હતું. વધુ તપાસમાં તેમના પત્ની કોર્પોરેશનમાં નોકરી કરતાં હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે પોલીસે તેમની ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે.જ્યારે તસ્કરોએ અવધ પાર્ક શેરી નં.૧માં અન્ય એક મકાનને પણ નિશાન બનાવ્યું હતું. સિવિલ હોસ્પિટલમાં નોકરી કરતાં હંસાબેન વિક્રમભાઈ વાઘેલા ગત રાત્રે તેમની પુત્રી સાથે મકાનના ઉપરના માળે રૂમમાં સુતા હતાં. રાત્રિના સમયે તસ્કરોએ રૂમને બહારથી તાળુ મારી દઈ નીચેના માળે તેમના મકાનના તાળા તોડી કબાટમાંથી સોનાનો સેટ, કાનસર, બ્રેસ્લેટ, મોબાઈલ અને રોકડા રૂ.૩૫૦૦૦ની ચોરી કરી ગયા હતાં. તેઓ સવારે ઉઠયા ત્યારે બહારથી દરવાજો બંધ હોય જેથી પાડોશીને જાણ કરતાં દરવાજો તોડીને બહાર આવતાં ચોરી થયાની જાણ થઈ હતી. આ અંગે પોલીસે ચોરીની ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી આઈવે પ્રોજેક્ટના સીસીટીવી ફુટેજના આધારે તસ્કરોની ભાળ મેળવવા તપાસના ચક્રોગતિમાન કર્યા છે.

પુનિતનગર પાસે કર્મચારી સોસાયટીમાં મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું

ગાંધીગ્રામ પોલીસ-૨ (યુનિ)પોલીસે ગૂમ થયેલા રૂ.૧.૬૮ લાખના મોબાઈલ અરજદારોને પરત અપાવ્યા:મોરબીનો બુટલેગર તથા જૂનાગઢનો તસ્કર રાજકોટમાં ઝડપાયા

મુખ્ય સમાચાર રાજકોટ

ગોંડલ રોડ પર પુનિતનગર વિસ્તારમાં મહિલા સંચાલિત જુગારધામ પર તાલુકા પોલીસે દરોડો પાડી ચાર મહિલાઓની ધરપકડ કરી છે

આ અંગેની માહિતી મુજબ તાલુકા પોલીસના પીએસઆઈ પી.પી.ચાવડા, એએસઆઈ અલ્પાબેન સહિતના સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે પુનિતનગરમાં કર્મચારી સોસાયટીમાં શેરી નં.૧માં રહેતી સરોજ વિજય સોનરાતના ઘરે દરોડો પાડતા મહિલા બહારથી અન્ય મહિલાઓને બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમાડતી હોય પોલીસે જુગાર રમતી સરોજ, સકિલા સબીર કાદરી, નફીસા નુરા જુણેજા તથા મનિષા જીત વાછાણી સહિત ચારની ધરપકડ કરી રોકડા રૂ.૧૨૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

જ્યારે ગાંધીગ્રામ-૨(યુનિ)ના પીઆઈ પી.બી.રજીયા સહિતના સ્ટાફે વિસ્તારમાંથી ગૂમ થયેલા કિંમતી મોબાઈલો શોધવા સી.ઈ.આઈ. આર.પોર્ટલ તથા બાતમીદારોનું નેટર્વ્ક કામે લગાડી રૂ.૩.૬૮લાખના ૨૦ મોબાઈલ શોધી અરજદારોને પરત આપ્યા છે. જ્યારે રૂરલ એલસીબીની ટીમે મોરબી સીટી પોલીસ સ્ટેશનના વિદેશી દારૂના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો બુટલેગર પ્રભાત ઉર્ફે પરબત મથુર ઉર્ફે મનસુખ વાટુકીયા નામના શખ્સને વિછિંયાના મોટામાત્રા ગામથી દબોચી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જ્યારે કાઈમ બ્રાંચના પીએસઆઈ કે.ડી.પટેલ સહિતના સ્ટાફે પોપટપરાના નાલા પાસેથી અજય બાબુ સોલંકી (રહે.ઢેબર કોલોની મફતિયાપરા)ને દબોચી લઈ તેનું ગુનાહિત ઈતિહાશ ચેક કરતા આ શખ્સ જૂનાગઢમાં ઘરફોડ ચોરીના ગૂનામાં નાસતો ફરતો હોય પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

રામનાથ મહાદેવ મંદિર પ્રાંગણમાં ત્રણ શખ્સોનો દારૂના ડાયલોગનો વિડિયો વાયરલ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટવાસીઓની આસ્થાના કેન્દ્ર સામાન રામનાથ મહાદેવ મંદિર પ્રાંગણમાં ત્રિપુટીએ દારૂના ડાયલોગ ઉપર બનાવેલો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા ધર્મપ્રેમી ભક્તોમાં રોષ ભભૂકી ઉઠ્યો છે. સોશ્યલ મીડિયામાં એક વિડીયો વાયરલ થયો છે જેમાં ત્રણ શખસો દારૂ પિતા હોય તેવી એક્ટિંગ કરી રહ્યા છે અને બેકગ્રાઉન્ડમાં રામનાથ મહાદેવ મંદિર દર્શાવાયું છે એક શખસ હાથમાં રહેલી બાટલી ફેકતો હોય ત્યારે બાટલી નીચે કાયકો ફેંક દી કિસીકે પાંવમેં ઘૂસ ગઈ તો, મેં ફેંકી નહિ સરક ગઈ તેવો ડાયલોગ વિડીયોમાં સંભળાઈ રહ્યો છે ત્રણ શખસોએ રાજકોટના માધ્યમથી પસાર થતી આજી નદીમાં બિરાજમાન સ્વયંભુ રામનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં આ પ્રકારનો વિડીયો બનાવીને વાયરલ કરતા લોકોની ધાર્મિક લાગણી દુભાય છે વિડીયોમાં આઈ એમ મિકી નામના વ્યક્તિનું એકાઉન્ટ હોય તેવું પણ જોવા મળ્યું છે ત્યારે આ શખસોને ત્વરિત પકડી લઈ કાયદાનું ભાન કરાવવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

જૂનાગઢના બહુ ચર્ચિત તોડકાંડમાં સસ્પેન્ડ પીઆઈ ભટ્ટ જેલ હવાલે

ગુજરાત એટીએસએ તપાસ માટે 'ફર્ધર' રિમાન્ડ ન માંગતા કાર્યવાહી કરાઈ

મુખ્ય સમાચાર, જૂનાગઢ

જૂનાગઢ પોલીસના તોડકાંડ મામલે પકડાયેલા માણાવદરના સસ્પેન્ડેડ સીપીઆઈ તરલ ભટ્ટના ચાર દિવસના રિમાન્ડ પૂર્ણ થતા ગુજરાત એટીએસએ તેને જૂનાગઢ કોર્ટ સમક્ષ હાજર કર્યો હતો, એટીએસએ વધુ રિમાન્ડની માંગણી કરેલ ના હોવાથી કોર્ટે આરોપી તરલ ભટ્ટને જેલહવાલે કરવાનો હુકમ કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ જૂનાગઢ એસઓજીના તોડકાંડ અને ૨૫ લાખની લાંચ માંગ્યાના કેસના તાર છેક આંતરરાષ્ટ્રીય કક્ષાએ જોડાયેલ હોવાના જોરશોરથી બુમ બરાડા પાડતી એટીએસ અચાનક પાણીમાં બેસી ગયેલ હોવાનો ઘાટ ઘડાયો છે, આ કેસમાં આરોપી તરીકે રહેલા તરલ ભટ્ટને ચાર દિવસ સુધી રિમાન્ડમાં રાખેલી ગુજરાત એટીએસ શું શું ઓકાવી શકી છે, તેની વિગતો હજુ સુધી બહાર આવી નથી, ત્યારે ચાર દિવસના રિમાન્ડ પૂર્ણ થતા બપોરે ૩.૨૦ કલાકે એટીએસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત સાથે જૂનાગઢ સેસન્સ કોર્ટમાં રજુ કર્યો હતો. આજે કોર્ટમાં એટીએસ દ્વારા વધુ રિમાન્ડની માંગણી કરી ના હતી, જેથી કોર્ટે આરોપી તરલ ભટ્ટને જેલહવાલે કરવાનો હુકમ કરતા પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે તરલ ભટ્ટને જૂનાગઢ જિલ્લા જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

જસદણના શિવરાજપુર ગામે જમીન પર કબ્જો કરી લેતા ત્રણ સામે લેન્ડગ્રેબિંગ

મુખ્ય સમાચાર, જસદણ

જસદણ તાલુકાના વાજસુરપરા ખાતે રમેશભાઈ લખમણભાઈ સોલંકી ઉ.૬૦ નામના વૃદ્ધએ શિવરાજપુર ગામના વીરજી રવજીભાઈ મકવાણા, ગોવિંદ જાગાભાઈ મકવાણા અને ચેતન ઉર્ફે દુદાભાઈ પુંજાભાઈ મકવાણા સામે લેન્ડચેબિંગ અને ધમકી સહિતની કલમ હેઠળ જસદણ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.ફરિયાદમાં જણાવ્યું હતું કે માતા સાકુબેનએ ૨૦૦૧માં કેશુભાઈ પાસેથી વેચાણ દસ્તાવેજથી શિવરાજપુર ગામ સર્વે નંબર ૩૧૦ પૈકી રની જમીન ખરીદી હતી જેમાં ખેતી કરતા હતા ૨૦૧૦ પછી માતા અશક્ત થતા કુમમુખત્યાર તરીકે મને નિમેલ હતો. લોકડાઉન વખતે જુન ૨૦૨૦માં મજુરો નહી મળતા અમે ખેતીકામ બંધ કરી દીધું હતું અને આવતા જતા ન હતા દરમિયાન ત્રણેયે કબજો કરી વાવેતર શરૂ કર્યું હતું અમે ત્યાં જતા તો ગાળો દઈને પ્રવેશવા દેતા નહિ અને ઢોર બાંધવાનો ફરજો અને કાચું મકાન બનાવી લીધું હોય લેન્ડચેબિંગ કમિટી સમક્ષ અરજી કરતા ફરિયાદ નોંધાવતા પીઆઈ ટી બી જાનીએ તપાસ હાથ ધરી છે.

શહેરમાં લોક રક્ષક બોગસ ભરતી કૌભાંડમાં આરોપીના જામીન નામંજુર: કોર્ટ અરજી રદ કરી

બોગસ લેટર લઈ આરોપી પોલીસ હેડ કવાર્ટરમાં ટ્રેનિંગમાં હાજર થતાં કૌભાંડનો પર્દાફાશ થયો હતો

મુખ્ય સમાચાર, રાજકોટ

પોલીસ હેડ કવાર્ટરમાં નકલી કોલ લેટર લઈ લોકરક્ષકની ભરતીમાં હાજર થવા આવેલ શખ્સ ઝડપાઇ જતા કૌભાંડનો પર્દાફાશ થયો હતો. જે ગુનામાં અનેક આરોપી પકડાયા હતા. જેમાં કૌભાંડમાં સામેલ આરોપી હિતેષ રાણા દુમાદીયા (રહે. ગઢોશરવાણીયા, જિ. સુરેન્દ્રનગર)ની જામીન અરજી કોર્ટે ફગાવી દીધી છે.

કેસની વિગત મુજબ ગુજરાત રાજય સરકાર દ્વારા લોકરક્ષક ભરતી ૨૦૨૧માં બાર પાડેલ જેમાં ઉમેદવારોએ ઓનલાઇન ફોર્મ ભરેલા હોય અને તે ઉમેદવારોમાંથી ગ્રાઉન્ડની પરીક્ષામાં તેમજ લેખિત પરીક્ષામાં નાપાસ થયેલ હોય કે મેરીટમાં રહી ગયેલ હોય તેવા ઉમેદવારોને નાપાસ થયેલ હોવા છતાં તેઓના ડાયરેકટ ઓર્ડર અપાવવાની ગેરેંટી આપી નાપાસ થયેલા ઉમેદવારો પાસેથી આરોપીઓ દ્વારા મોટી રકમ લઈ નાપાસ થયેલા ઉમેદવારોના નામના લોકરક્ષક ભરતી અંગેના બોગસ ઓર્ડર બનાવી અને તે બોગસ ઓર્ડરમાં આઈપીએસની બોગસ સહીઓ કરી ગુનો આચરેલ તે ગુનામાં પોલીસે અનેક આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કરાયા હતા.

જેલમાંથી આરોપી હિતેષભાઈ રાણાભાઈ દુમાદીયા (વશ. ગઢોશરવાણિયા, જિ. સુરેન્દ્રનગર) એ જામીન ઉપર છુટવા ચાર્જશીટ બાદ સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરતા સરકાર તરફે સરકારી વકીલ હાજર રહેલ અને જામીન અરજીનો વિરોધ કરતા રજુઆત કરેલ કે આરોપીઓ દ્વારા સરકારી ભરતીઓના બોગસ ઓર્ડર બનાવી, બોગસ સહીઓ કરી ગંભીર પ્રકારનો ગુનો આચરેલ છે.

આવા ગુનાના આરોપીને જામીન આપવામાં આવશે તો તેને કાયદાનો કોઈ ડર રહેશે નહી અને ફરી પાછા આવા ગુના કરશે. તે રજુઆતને ધ્યાને લઇ સેશન્સ જજ જે.ડી. સુથારે આરોપીની ચાર્જશીટ બાદની રેગ્યુલર જામીન અરજી રદ કરેલ છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા.

યાજ્ઞીક રોડ પર નજીવી બાબતે વૃધ્ધ પર એક્ટીવા ચાલકનો હૂમલો:વિડિયો વાયરલ

કાલાવડ રોડ પર વામ્બેઆવાસના ક્વાર્ટરમાં મહિલાએ કરી રૂ.૧.૭૭ લાખના દાગીનાની ચોરી

મુખ્ય સમાચાર રાજકોટ

શહેરમાં છાશવારે જાહેર માર્ગો પર સામાન્ય અકસ્માત બન્યાની નજીવી બાબતમાં ઉશ્કેરાઈ જઈ વાહનચાલકો વચ્ચે મારામારી થયાના બનાવો ભૂતકાળમાં અનેકવાર બન્યા છે ત્યારે ગઈકાલે યાજ્ઞીક રોડ પર ઓઢણીના શો-રૂમ સામે પાછળથી એક્ટીવા સાથે બાઈક અથડાવા જેવી નજીવી બાબતે એક્ટીવાના ચાલકે વૃધ્ધ પર હૂમલો કર્યાનો વિડિયો વાયરલ કરતા ભારે ચકચાર મચી જવા પામી છે.

શહેરના પોપટપરા શેરી નં.૧૫માં રહેતા અરવિંદભાઈ પાચાભાઈ સોજીત્રા (ઉ.વ.૬૧) નામના વૃધ્ધે એ ડીવીઝન પોલીસમાં એક્ટીવા ચાલક જીજે૩એલક્યુ૮૧૯૩ના ચાલક વિરુધ્ધ ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે સાંજના સમયે પોતે પોતાનું બાઈક નંબર જીજે૩જેઓ૧૬૭૬નંબરનું લઈને જતા હતા ત્યારે યાજ્ઞીક રોડ પર ઓઢણીના શો-રૂમના સામે પહોંચતા આગળ જતા એક્ટીવાને અડી જતા એક્ટીવા ચાલકે ઉશ્કેરાઈ જઈ વૃધ્ધને જાહેરમાં ઢીકાપાટુનો મારમારતા આ વિડિયો વાયરલ થયો હતો જેથી પટેલ વૃધ્ધે ફરિયાદ નોંધાવતા હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ઝાલાએ હૂમલાખોરો એક્ટીવા ચાલકની શોધખોળ શરૂ કરી છે.

જ્યારે અન્ય એક બનાવમાં કાલાવડ રોડ પર વૃદાંવન સોસાયટી પાસે આવેલ વામ્બે આવાસના ક્વાર્ટરમાં રહેતી કવિતાબેન ડાયાભાઈ કુંભાર નામની મહિલાના બનેવીના શુટકેસમાંથી તોતખાનામાં રહેતી કુવર કનુ સિયાર નામની મહિલા રૂ.૧.૭૭ લાખના સોના-ચાંદીના દાગીના ચોરી કરી જતા તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

રાજુલાની યુવતીનું અપહરણ કરનાર શખ્સ બાબરા પાસેથી ઝડપાયો

મુખ્ય સમાચાર, રાજુલા

રાજુલામાં યુવતીનું અપહરણ કરીને ગોંધી રાખવાના ચકચારી પ્રકરણમાં પોલીસ વિભાગ દ્વારા ટીમો બનાવીને તપાસ શરુ કરાયા બાદ બાબરા નજીકથી મધરાત્રે આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. વધારે વિગતો આપતા સાવરકુંડલા ડિવિઝનના ડિવાયએસપી હરેશ વોરાએ જણાવ્યું કે, રાજુલા પોલીસ મથકમાં ગઈ કાલે એક સમીર નામનો યુવક યુવતીને ભગાડીને લઈ ગયો અને જાનથી મારી નાખવાની ધમકી આપવાની ફરિયાદ દાખલ થઈ હતી અને પોલીસ મથકમાં પરિવાર તથા આસપાસના લોકો પણ દોડી આવ્યા હતા. આ કેસમાં રાજુલાના પીઆઈ આઈ. જે. ગીડા, અમરેલી એલસીબી, એસઓજી, ડિવાયએસપીની આગેવાનીમાં ૩ ટીમ વગેરે મળીને કુલ ઝ૦ ફ૦૦ ટીમો બનાવવામાં આવી હતી. જે રીક્ષામાં આ યુવતીનું અપહરણ કરવામાં આવ્યું હતું તે રીક્ષાને શોધવા માટે ટેકનીકલ સર્વેલન્સ તેમજ ૯૦ જેટલા સીસીટીવી ફૂટેજનુ એનાલીસીસ કરતા તેનું પગેરું બાબરા સુધી મળતા ટીમો ત્યાં પહોંચી હતી અને અપહરણ કરનારા યુવકની ધરપકડ કરી લેવામાં આવી છે અને યુવતીને પણ મુક્ત કરાવીને તેના પરિવારને સોંપવામાં આવી હતી.

યુવતીને બ્લેકમેઈલ કરી નાણાં ખંખેરી દુષ્કર્મ ગુજરનાર નામચીન શખ્સ ઝડપાયો: પોલીસે કાયદાનું ભાન કરાવ્યું

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરમાં મંગેતરના મિત્રએ મદદ કરવાના બહાને યુવતીને ફસાવી હોટલમાં બોલાવી ઓડિયો, વિડીયો પતિને આપી દેવાનું કહી દુષ્કર્મ આચરી બ્લેકમેઈલ કરી ૪૨ હજાર પડાવી લેતા પોલીસે ફરિયાદ આધારે આરોપીને સકંજામાં લઇ કાયદાનું ભાન કરાવ્યું છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં રહેતી ૨૩ વર્ષીય યુવતીએ જુનાગઢના દિવ્યેશ ઓડેદરા ઉર્ફે ડી.કે. વિરુદ્ધ ગાંધીગ્રામ પોલીસમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે છ વર્ષ પૂર્વે જુનાગઢ ગઈ ત્યારે મંગેતરના મિત્ર દિવ્યેશ સાથે ઓળખાણ થઇ હતી મંગેતર સાથે ઝઘડો થતો હતો બે માસ પૂર્વે હું અમદાવાદ નોકરી કરતી હતી ત્યારે ઇન્સ્ટાગ્રામમાં દીવ્યેશે વિડીયો મુક્યો હતો તેમાં કોમેન્ટ કરતા વાતચીત થઈ હતી અને ફોનમાં વાતચીત કરી મંગેતરને સમજાવવા સમાધાન કરવા મદદ માંગતા ગુરૂકુલ રોડની ઓફિસે મળવા બોલાવતા હું ગઈ હતી ત્યાં પાર્કિંગમાં અને ૧૧માં માળે ઓફિસમાં વાતચીત કરી હતી હું મંગેતરને ગાળો દેતી હોય તેનું રેકોર્ડીંગ મને સંભળાવી બાવડું પકડી હું આ રેકોર્ડીંગ તારા મંગેતરને મોકલી દઈશ તેવી ધમકી આપી હું કહું તેમ જ કરવાનું છે કહ્યું હતું જેથી હું જતી રહી હતી.

બાદમાં ૧૦ હજાર માંગ્યા હતા અને જો પૈસા નહી આપે તો રેકોર્ડીંગ મોકલી દેશે તેવી ધમકી આપી હોટલમાં બોલાવતા ત્યાં જતા આ હોટલ મારી જ છે હોટલના સીસીટીવી મોકલી દેવાની ધમકી આપી જબરદસ્તીથી શરીર સંબંધ બાંધી મોબાઈલમાં નગ્ન ફોટા અને વિડીયો લઈ લીધા હતા અને પછી પૈસા માંગ્યા હતા અવારનવાર બ્લેકમેઈલ કરી અત્યાર સુધીમાં ૪૨ હજાર પડાવી લીધા હતા અંતે ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ જાડેજા સહિતે આરોપીની ધરપકડ કરી સીપી કચેરીએ લઇ જઈ કાયદાનું ભાન કરાવ્યું હતું.